સૂચિ--આંક ૫૦૦ કરતાં અથવા ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા ૫૦૦ કરતાં વધુ હોય એવી કોઈ સંખ્યા કરતાં દર પાંચ પોઈન્ટના વધારા માટે મૂળ વેતન દર ઉપરાંત દૈનિક રૂા. ૦--૧૫ અથવા માસિક રૂા. ૩--૯૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે. (ખ) ૫૦૦ કરતાં નીચો ન હોય એવા જીવન નિર્વાહ ખર્ચના સૂચિ આંક દર પાંચ પોઈન્ટના ઘટાડા માટે, ખાસ ભથ્થાના દરનો ૯મી એપ્રિલ, ૧૯૮૭ થી શરૂ થતા ૬ મહિનાની મુદત માટે પહેલાં મેળ બેસાડવામાં આવે એ શરતે ખાસ ભથ્થામાં દૈનિક રૂા. ૦-૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ ના દરે ઘટાડો કરવામાં આવશે.

આથી હવે શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૯મી એપ્રિલ ૧૯૮૭ ના ઉકત જાહેરનામા નંબર કેએચઆર/૨૨૧--એમ. ડબલ્યુ. એ.-૬૧૮૧-૪૨૭૮--મ--૨, અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત સક્ષમ અધિકારી ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ શરૂ થતાં છ મહિનાની બાબતમાં, આ સાથે જોડેલી અનુસૂચિ--૨, ના ખાના (૧) માં જણાવેલા વિભાગોમાં ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓના મૂળ વેતન દર ઉપરાંત એમને ચૂકવવાપાત્ર ખાસ ભથ્થું (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) ઉકત અનુસૂચિ (૨) માં જણાવેલા દરે ઉપર્યુકત રીતે ઠરાવે છે અને જાહેર કરે છે.

અનુસૂચિ- ૨

કર્મચારી વર્ગ	ખાસ ભથ્થાની રકમ (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) (૨)	
(૧)	દૈનિક રૂ.	માસિક રૂ.
કુશળ અર્ધ કુશળ બિન-કુશળ	૧૯-૯૫	૫૧૮-૭૦

સ્પષ્ટીકરણ.—આ જાહેરનામાના હેતુ પુરતું કર્મચારીઓના કુશળ, અર્ધ-કુશળ, અને બિન-કુશળ વર્ગનો અર્થ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૯મી એપ્રિલ ૧૯૮૭ના જાહેરનામાં નંબર કેએચઆર-૨૨૧--એમડબ્લ્યુએ-૬૧૮૧-૪૨૭૮-મ-૨માં દર્શાવેલા અને આ હેતુ માટે રચવામાં આવેલા અનુક્રમે કુશળ, અર્ધ કુશળ અને બિન-કુશળ વર્ગના કર્મચારીઓ જેવો થશે.

અમદાવાદ, ૨૩મી માર્ચ ૧૯૯૩.

—

નંબર કેએચ-એસએચએમસી-૨૯૨૮૭-એમડબલ્યુએ-૬.—શિક્ષણ અને મજૂર વિભાગના તારીખ ૫૦મી ઓગષ્ટ, ૧૯૬૪ના સરકારી જાહેરનામાં નંબર કેએચ-એસએચ/એમડબલ્યુએ-૧૦૬૪/૫૧૯૭૨-ટી, અન્વયે નાયબ મજૂર કમિશનર, અમદાવાદને સક્ષમ અધિકારી હવે પછી આમાં (જેમનો ઉલ્લેખ ઉકત સક્ષમ અધિકારી તરીકે કરવામાં આવ્યો છે) તરીકે નીમવામાં આવ્યા હોવાથી તેમણે ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ (ધ) મુજબ અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા અને ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરાયેલા રોજગારોમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિ-૧ના ખાના (૩) માં દર્શાવ્યા પ્રમાણેના તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૨ના રોજ પૂરા થતા ૬ મહિના માટેના સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંકની ખાતરી અને જાહેરાત કરી છે.

અનુસૂચિ-૧

(૧૯૬૦ ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મુદત		સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
માં શરૂ થતી	માં પૂરી થતી	
૧	૨	૩
જુલાઈ-૧૯૯૨ થી	ડીસેમ્બર-૧૯૯૨	૧૧૬૯

ગુજરાત સરકારે શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા નં. કેએચઆર-૨૧૦-એમડબલ્યુએ-૫૯૮૪-૯૭૭-મ-૨ થી ગુજરાત રાજ્યમાં ખાંડસરી વ્યવસાયના રોજગાર (આમાં હવે પછી જેનો ઉલ્લેખ ઉકત અનુસૂચિત રોજગાર તરીકે કરવામાં આવ્યો છે) માં નોકરી કરતા કર્મચારીઓની બાબતમાં ચૂકવવાપાત્ર દૈનિક અને માસિક લઘુત્તમ વેતન દરમાં તારીખ ૨જી એપ્રિલ, ૧૯૮૭ ના રોજ અને તારીખ ૧લી મે, ૧૯૮૭ થી અમલી બને એ રીતે એવો સુધારો કર્યો છે કે જેથી એમાં, જણાવેલા મૂળ વેતન દર અને ખાસ ભથ્થાને સમાવેશ થઈ જાય અને ઉકત સક્ષમ અધિકારીને એવી સૂચના આપી છે કે અનુક્રમે ૩૦મી જૂન અને ૩૧ મી ડીસેમ્બર ના રોજ પૂરા થતા એની તરત પહેલાના ૬ મહિના માટેના ૧લી ઓકટોબર અને ૧લી એપ્રિલથી શરૂ કરીને દર છ મહિનાના અંતરે સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચની સૂચિ--આંકના આધારે ભથ્થાના દરમાં એવી રીતે ફેરફાર કરવો કે જેથી (ક) જીવન--નિર્વાહ ખર્ચના સૂચિ--આંક ૫૦૦ કરતાં અથવા ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા ૫૦૦ કરતા વધુ હોય એવી કોઈ સંખ્યા કરતાં દર પાંચ પોઈન્ટના વધારા માટે મૂળ વેતન દર ઉપરાંત દૈનિક રૂા. ૦-૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે. (ખ) ૫૦૦ કરતાં નીચો ન હોય એવા જીવન નિર્વાહ ખર્ચના સૂચિ આંક દર પાંચ પોઈન્ટના ઘટાડા માટે, ખાસ ભથ્થાના દરનો ૧લી ઓકટોબર, ૧૯૮૭ થી શરૂ થતા છ મહિનાની મુદત માટે પહેલાં મેળ બેસાડવામાં આવે એ શરતે ખાસ ભથ્થામાં દૈનિક રૂા. ૦-૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ ના દરે ઘટાડો કરવામાં આવશે.

આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨જી એપ્રિલ ૧૯૮૭ના ઉકત જાહેરનામા નં. કેએચઆર-૨૧૦-એમડબલ્યુએ-૫૯૮૪-૯૭૭-મ-૨ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત સક્ષમ અધિકારી ૧લી એપ્રિલ ૧૯૯૩ના ના રોજ શરૂ થતા છ મહિનાની બાબતમાં, આ સાથે જોડેલી અનુસૂચિ-૨ના ખાના (૧) માં જણાવેલા વિભાગોમાં ઉકત અનુસૂચિત રોજગારમાં

INDEX

નોકરી કરતાં કર્મચારીઓના મૂળ વેતન-દર ઉપરાંત એમને ચૂકવવાપાત્ર ખાસ ભથ્થુ (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થુ) ઉકત અનુસૂચિ (૨) માં જણાવેલા દરે ઉપર્યુકત રીતે ઠરાવે છે અને જાહેર કરે છે.

અનુસૂચિ--૨

કર્મચારી વર્ગ (૧)	ખાસ ભથ્થાની રકમ (જીવન નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) (૨)	
	દૈનિક રૂ.	માસિક રૂ.
કુશળ	૧૯.૯૫	૫૧૮.૭૦
અર્ધ--કુશળ		
બિન--કુશળ		
ઓફિસ સ્ટાફ		

સ્પષ્ટકરણ :—આ જાહેરનામાના હેતુ પુરતું કર્મચારીઓના કુશળ, અર્ધ--કુશળ બિન--કુશળ, ઓફિસ સ્ટાફ, વર્ગનો અર્થ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨જી એપ્રિલ ૧૯૮૭ના જાહેરનામા નંબર કેએચઆર.--૨૧૦--એમડબલ્યુએ.--૫૯૮૪--૯૭૭-મ--૨ માં જણાવેલા હેતુ માટે છે. અને તે અનુસાર વિભાગ ૧, ૨ અને ૩ની રચના કરવામાં આવી છે.

અમદાવાદ, ૨૩મી માર્ચ ૧૯૯૩.

નંબર કેએચ-એસએચએમસી-૨૯૨૮૮-એમડબલ્યુએ.-૬.—શિક્ષણ અને મજૂર વિભાગના તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૬૪ના સરકારી જાહેરનામાં નં. કેએચ-એસએચ/એમડબલ્યુએ/૧૦૬૪/૫૧૯૭૨-ટી, અન્વયે નાયબ મજૂર કમિશનર, અમદાવાદને સક્ષમ અધિકારી (હવે પછી આમાં જેમનો ઉલ્લેખ ઉકત સક્ષમ અધિકારી તરીકે કરવામાં આવ્યો છે) તરીકે નીમવામાં આવ્યા હોવાથી તેમણે ૧૯૪૮ ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ ના ખંડ (ઘ) મુજબ અધિનિયમની અનુસૂચિના ભાગ-૧ માં જણાવેલા અને ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરાયેલા રોજગારોમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિ--૧ ના ખાના (૩) માં દર્શાવ્યા પ્રમાણેના તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૨ ના રોજ પૂરા થતા ૬ મહિના માટેના સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ આંકની ખાતરી અને જાહેરાત કરી છે.

અનુસૂચિ— ૧
(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મુદત		સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ આંક
માં શરૂ થતી (૧)	માં પૂરી થતી (૨)	(૩)
જુલાઈ, ૧૯૯૨ થી	ડીસેમ્બર, ૧૯૯૨	૧૧૬૯

INDEX

ગુજરાત સરકારે શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા નં.કેએચઆર-૨૩૮-એમડબ્લ્યુએ-૫૦૮૪-૯૭૮-મ-(૨)થી ગુજરાત રાજ્યમાં પાતાળકુવા સારવાના તથા જાળવણીનો વ્યવસાયના રોજગાર (આમાં હવે પછી જેનો ઉલ્લેખ ઉકત અનુસૂચિત રોજગાર તરીકે કરવામાં આવ્યો છે) માં નોકરી કરતા કર્મચારીઓની બાબતમાં ચૂકવવાપાત્ર દૈનિક અને માસિક લઘુત્તમ વેતન દરમાં તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૮૭ના રોજ અને તારીખ ૧લી મે ૧૯૮૭થી અમલી બને એ રીતે એવો સુધારો કર્યો છે કે જેથી એમાં, જણાવેલા મૂળ વેતન દર અને ખાસ ભથ્થાનો સમાવેશ થઈ જાય અને ઉકત સક્ષમ અધિકારીને એવી સૂચના આપી છે કે અનુક્રમે ૩૦મી જૂન અને ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરા થતા એની તરત પહેલાના ૬ મહિના માટેના ૧લી ઓકટોબર અને ૧લી એપ્રિલથી શરૂ કરીને દર ૬ મહિનાના અંતરે સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંકના આધારે ભથ્થાના દરમાં એવી રીતે ફેરફાર કરવો કે જેથી (ક) જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક ૫૦૦ કરતાં અથવા ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા ૫૦૦ કરતાં વધુ હોય એવી કોઈ સંખ્યા કરતાં દર પાંચ પોઈન્ટના વધારા માટે મૂળ વેતન દર ઉપરાંત દૈનિક રૂા. ૦.૧૫ અથવા માસિક રૂા. ૩.૯૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે (ખ) ૫૦૦ કરતાં નીચો ન હોય એવા જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક દર પાંચ પોઈન્ટના ઘટાડા માટે ખાસ ભથ્થાના દરનો તારીખ ૧લી ઓકટોબર ૧૯૮૭થી શરૂ થતા ૬ મહિનાની મુદત માટે પહેલાં મેળ બેસાડવામાં આવે એ શરતે ખાસ ભથ્થામાં દૈનિક રૂા. ૦.૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ના દરે ઘટાડો કરવામાં આવશે.

આથી, હવે શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૮૭ના ઉકત જાહેરનામા નંબર કેએચઆર-૨૩૮-એમડબલ્યુએ-૫૦૮૪-૯૭૮--મ-૨, અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત સક્ષમ અધિકારી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ શરૂ થતા છ મહિનાની બાબતમાં આ સાથે જોડેલી અનુસૂચિ-૨ના ખાના (૧)માં જણાવેલા વિભાગોમાં ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓના મુળ વેતન દર ઉપરાંત એમને ચૂકવવાપાત્ર ખાસ ભથ્થુ (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થુ) ઉકત અનુસૂચિ(૨)માં જણાવેલા દરે ઉપર્યુકત રીતે ઠરાવે છે અને જાહેર કરે છે.

અનુસૂચિ--૨

કર્મચારી વર્ગ (૧)	ખાસ ભથ્થાની રકમ (જીવન--નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) (૨)	
	દૈનિક રૂા.	માસિક રૂા.
કુશળ. અર્ધ કુશળ બિન--કુશળ.	૧૯-૯૫	૫૧૮-૭૦

સ્પષ્ટીકરણ :—આ જાહેરનામાના હેતુ પુરતું કર્મચારીઓના કુશળ, અર્ધ--કુશળ અને બિન--કુશળ વર્ગનો અર્થ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૭ ના જાહેરનામા નં. કે.એચ.આર.--૨૩૮--એમ.ડબલ્યુ.એ--૫૦૮૪-૯૭૮--મ--૨, માં દર્શાવેલા અને આ હેતુ માટે રચવામાં આવેલા અનુક્રમે કુશળ, અર્ધ--કુશળ અને બિન--કુશળ વર્ગના કર્મચારીઓ એવો થશે.

અમદાવાદ, ૨૩મી માર્ચ, ૧૯૯૩.

INDEX

નંબર કેએચ-એસએચએમએ-૨૯૨૮૯/એમડબલ્યુએ-૬.— શિક્ષણ અને મજૂર વિભાગના તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૬૪ના સરકારી જાહેરનામાં નં. કેએચ-એસએચ/એમડબલ્યુએ/૧૦૬૪/પ૧૯૭૨-ટી, અન્વયે નાયબ મજૂર કમિશનર, અમદાવાદને સક્ષમ અધિકારી હવે પછી આમાં (જેમનો ઉલ્લેખ ઉકત સક્ષમ અધિકારી તરીકે કરવામાં આવ્યો છે) તરીકે નીમવામાં આવ્યા હોવાથી તેમણે ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ(ઘ) મુજબ અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા અને ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરાયેલા રોજગારોમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિ-૧ના ખાના (૩) માં દર્શાવ્યા પ્રમાણેના તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૨ના રોજ પુરા થતા ૬ મહિના માટેના સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ આંકની ખાતરી અને જાહેરાત કરી છે.

અનુસૂચિ—૧

(૧૯૬૦ના આધાર અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ આધાર=૧૦૦)

મુદત		સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
માં શરૂ થતી	માં પૂરી થતી	
(૧)	(૨)	(૩)
જુલાઈ ૧૯૯૨	થી ડીસેમ્બર ૧૯૯૨	૧૧૬૯

ગુજરાત સરકારે શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં નં. કેએચઆર-૫૩-એમડબલ્યુએ-૬૬૮૭-૫૦૧-એમ-(૨)થી ગુજરાત રાજયમાં છાપરાના નળીયા બનાવવાના રોજગાર (આમાં હવે પછી જેનો ઉલ્લેખ ઉકત અનુસૂચિત રોજગાર તરીકે કરવામાં આવ્યો છે.) માં નોકરી કરતા કર્મચારીઓની બાબતમાં ચૂકવવાપાત્ર દૈનિક અને માસિક લઘુત્તમ વેતન દરમાં તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૮ના રોજ અને તારીખ ૩૧મી માર્ચ ૧૯૮૮થી અમલી બને એ રીતે એવો સુધારો કર્યો છે કે જેથી એમાં જણાવેલા મૂળ વેતન દર અને ખાસ ભથ્થાનો સમાવેશ થઈ જાય અને ઉકત સક્ષમ અધિકારીને એવી સૂચના આપી છે કે અનુક્રમે ૩૦મી જુન અને ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરા થતા એની તરત પહેલાના ૬ મહિના માટેના ૧લી ઓકટોબર અને ૧લી એપ્રિલથી શરૂ કરીને દર છ મહિનાના અંતરે સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંકના આધારે ભથ્થાના દરમાં એવી રીતે ફેરફાર કરવો કે જેથી (ક) જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક ૫૩૫ કરતાં અથવા ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા ૫૩૫ કરતાં વધુ હોય એવી કોઈ સંખ્યા કરતાં દર પાંચ પોઈન્ટના વધારા માટે મૂળ વેતન દર ઉપરાંત દૈનિક રૂા. ૦.૧૫ અથવા માસિક રૂા. ૩.૯૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે. (ખ) ૫૩૫ કરતાં નીચો ન હોય એવા જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક દર પાંચ પોઈન્ટના ઘટાડા માટે, ખાસ ભથ્થાના દરનો ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૮થી શરૂ થતા ૬ મહિનાની મુદત માટે પહેલાં મેળ બેસાડવામાં આવે એ શરતે ખાસ ભથ્થામાં દૈનિક રૂા. ૦.૧૫ અથવા માસિક રૂા. ૩.૯૦ના દરે ઘટાડો કરવામાં આવશે.

આથી, હવે, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૮ના ઉકત જાહેરનામા નં. કેએચઆર-૫૩-એમડબલ્યુએ-૬૬૮૭-૫૦૧-એમ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત સક્ષમ અધિકારી ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ શરૂ થતા છ મહિનાની બાબતમાં, આ સાથે જોડેલી અનુસૂચિ-૨ના ખાના (૧) માં જણાવેલા વિભાગોમાં ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓના મૂળ વેતન-દર ઉપરાંત એમને ચૂકવવાપાત્ર ખાસ ભથ્થું (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) ઉકત અનુસૂચિ (૨) માં જણાવેલા દરે ઉપર્યુકત રીતે ઠરાવે છે અને જાહેર કરે છે.

INDEX

અનુસૂચિ-૨

કર્મચારી વર્ગ	ખાસ ભથ્થાની રકમ (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું)	
(૧)	(૨)	
	દૈનિક રૂ.	માસિક રૂ.
કુશળ.		
અર્ધ-કુશળ.	૧૭-૭૦	૪૬૦-૨૦
બિન-કુશળ.		
સુપરવાઈઝરી અને ક્લેરીકલ સ્ટાફ.		

સ્પષ્ટીકરણ.—આ જાહેરનામાનાં હેતુ પુરતુ કર્મચારીઓના કુશળ, અર્ધ-કુશળ અને બીન-કુશળ, સુપરવાઈઝરી અને ક્લેરીકલ સ્ટાફ વર્ગનો અર્થ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૮ના જાહેરનામા નંબર કેએચઆર-૫૩-એમડબલ્યુએ-૬૬૮૭-૫૦૧-એમ-૨માં દર્શાવેલા અને આ હેતુ માટે રચવામાં આવેલા અનુક્રમે કુશળ, અર્ધ-કુશળ અને બિન-કુશળ, સુપરવાઈઝરી સ્ટાફ ક્લેરીકલ સ્ટાફ વર્ગના કર્મચારીઓ એવો થશે.

અમદાવાદ, ૨૩મી માર્ચ ૧૯૯૩.

નંબર કેએચ-એસએચએમસી-૨૯૨૯૦-એમડબલ્યુએ-૬.—શિક્ષણ અને મજૂર વિભાગના તારીખ ૧૦મી ઓગસ્ટ, ૧૯૬૪ના સરકારી જાહેરનામાં નંબર કેએચ-એસએચ/એમડબલ્યુએ/૧૦૬૪/૫૧૯૭૨-ટી, અન્વયે નાયબ મજૂર કમિશનર, અમદાવાદને સક્ષમ અધિકારી હવે પછી આમાં (જેમનો ઉલ્લેખ ઉકત સક્ષમ અધિકારી તરીકે કરવામાં આવ્યો છે) તરીકે નીમવામાં આવ્યા હોવાથી તેમણે ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ (ધ) મુજબ અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા અને ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરાયેલા રોજગારોમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિ-૧ના ખાના (૩)માં દર્શાવ્યા પ્રમાણેના તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૨ના રોજ પૂરા થતા ૬ મહિના માટેના સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંકની ખાતરી અને જાહેરાત કરી છે.

અનુસૂચિ-૧

(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મુદત		સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
માં શરૂ થતી	માં પૂરી થતી	
(૧)	(૨)	(૩)
જુલાઈ, ૧૯૯૨ થી	ડિસેમ્બર, ૧૯૯૨	૧૧૬૯

ગુજરાત સરકારે શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં નં. કેએચઆર-૧૫૮-એમડબલ્યુએ-૧૦૮૪-એમ-૨૩-મ-૨, થી ગુજરાત રાજયમાં ૫૦ કે ૫૦થી વધુ કામદારો કામે રાખતી ઔદ્યોગિક ઈજનેરી સંસ્થાઓ (ઓટોમોબાઈલ રીપેરીંગ વર્કસ એન્ડ ગેરેજ સીવાય)ના રોજગાર (આમાં હવે પછી જેનો ઉલ્લેખ ઉકત અનુસૂચિત તરીકે કરવામાં આવ્યો છે)માં નોકરી કરતા કર્મચારીઓની બાબતમાં ચુકવવાપાત્ર દૈનિક અને માસિક લઘુત્તમ વેતન દરમાં તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૮૯ના રોજ અને તારીખ ૧લી જુલાઈ ૧૯૮૯થી અમલી બને એ રીતે એવો સુધારો કર્યો છે કે જેથી એમાં,

INDEX

જણાવેલા મુળ વેતન દર અને ખાસ ભથ્થાનો સમાવેશ થઈ જાય અને ઉકત સક્ષમ અધિકારીને એવી સૂચના આપી છે કે અનુક્રમે, ૩૦મી જૂન અને ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરા થતા એની તરત પહેલાના ૬ મહિના માટેના ૧લી ઓકટોબર અને ૧લી એપ્રિલથી શરૂ કરીને દર છ મહિનાના અંતરે સરેરાશ જીવન--નિર્વાહ ખર્ચના સૂચિ--આંકના આધારે ભથ્થાના દરમાં એવી રીતે ફેરફાર કરવો કે જેથી (ક) જીવન--નિર્વાહ ખર્ચના સૂચિ--આંક ૪૫૦ કરતાં અથવા ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પડતા ૪૫૦ કરતાં વધુ હોય એવી કોઈ સંખ્યા કરતાં દર પાંચ પોઈન્ટના વધારા માટે મૂળ વેતન દર ઉપરાંત દૈનિક રૂા. ૦-૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે. (ખ) ૪૫૦ કરતાં નીચે ન હોય એવા જીવન--નિર્વાહ ખર્ચના સૂચિ-આંકના દર પાંચ પોઈન્ટ ઘટાડા માટે, ખાસ ભથ્થાના દરનો ૧લી ઓકટોબર, ૧૯૮૯ થી શરૂ થતા ૬ મહિનાની મુદત માટે પહેલાં મેળ બેસાડવામાં આવે એ શરતે ખાસ ભથ્થામાં દૈનિક રૂા. ૦-૧૫ અથવા માસિક રૂા. ૩-૯૦ ના દરે ઘટાડો કરવામાં આવશે.

આથી હવે શ્રમ અને રોજગાર.વિભાગના તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૮૯ના ઉકત જાહેરનામા નંબર કેએચઆર.--૧૫૮--એમડબલ્યુએ.--૧૦૮૪-એમ-૨૩-મ-૨, અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત સક્ષમ અધિકારી ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ શરૂ થતા છ મહિનાની બાબતમાં, આ સાથે જોડેલી અનુસૂચિ-૨ ના ખાના (૧) માં જણાવેલા વિભાગોમાં ઉકત અનુસૂચિત રોજગારમાં નોકરી કરતા કર્મચારીઓના મૂળ વેતન--દર ઉપરાંત એમને ચૂકવાપાત્ર ખાસ ભથ્થું (જીવન--નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું) ઉકત અનુસૂચિ (૨)માં જણાવેલા દરે ઉપર્યુકત રીતે ઠરાવે છે અને જાહેર કરે છે.

અનુસૂચિ-૨

કર્મચારીવર્ગ		ખાસ ભથ્થાની રકમ (જીવન-નિર્વાહ ખર્ચ પેટે ભથ્થું)	
(૧)		(૨)	
		દૈનિક રૂા.	માસિક રૂા.
કુશળ-એ કુશળ-બી અર્ધ-કુશળ, બિન-કુશળ,	ઝોન ૧ થી ૩	૨૧.૪૫	૪૫૭.૭૦

સ્પષ્ટીકરણ.— આ જાહેરનામાના હેતુ પુરતું કર્મચારીઓના કુશળ-એ, કુશળ-બી, અર્ધ-કુશળ, અને બિન-કુશળ વર્ગોનો અર્થ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૮૯ના જાહેરનામા નંબર કે-એચઆર-૧૫૮-એમડબલ્યુ એ-૧૦૮૪-એમ-૨૩-મ-૨માં દર્શાવેલા અને આ હેતુ માટે રચવામાં આવેલા અનુક્રમે કુશળ-એ, કુશળ-બી, અર્ધ-કુશળ અને બિન-કુશળ, વર્ગના કર્મચારીઓ એવો થશે.

અમદાવાદ, ૨૩મી માર્ચ ૧૯૯૩.

વી. એસ. ત્રિવેદી,
નાયબ મજૂર કમિશનર અને લઘુત્તમ વેતન
અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 17 REGISTERED No. G—BA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, APRIL 17, 1993 / CAITRA 27, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ ૧૯૯૩

ક્રમાંક કેએચ-આર-૭૨/આઈડીએ-૧૬૮૮-૩૯૯૨-મ-૪.—ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે, રેયોન રૂપીનીંગ ઉદ્યોગ હેઠળનો કામદારોનો રોજગાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૨ના ખંડ (ઓન)ના પેટા ખંડ (૬)થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી ઈન્ડીયન રેયોન એન્ડ

INDEX

ઈન્ડસ્ટ્રીઝ લી. વેરાવળમાંના સદરહુ રોજગારને આ જાહેરનામાંની તારીખ થી છ મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે "લોકોપયોગી સેવા" તરીકે જાહેર કરે" છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી. વી. સોલંકી,
ઉપ-સચિવ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 18

REGISTERED No. G-BA-14-E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] TUESDAY, MAY 4, 1993 / VAISAKHA 14, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

મજૂર કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક કેએચએસએચએમસી-જી-૩-૯૩.—ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ના ૧૪માં) ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૦મી જુલાઈ ૧૯૮૯ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર-૮૯-૨૨૬-આઈડીએ-૧૦૮૭-૨૪૬૩૬-મ-૪ અન્વયે મજૂર કમિશનરશ્રી આથી તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩નાં હુકમ ક્રમાંક મ. ક. ૫-આઈડીઆર-ક્લોઝર-૮-૯૨-૨૯૨૧૧ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલ બ્રોમીન પ્રા. લી. અમદાવાદ અને તે હેઠળ ક્રમે રાખેલ કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેની ટ્રીબ્યુનલનો ચુકાદો, જે આ સાથે સામેલ કરેલ છે તે પ્રસિદ્ધ કરે છે.

INDEX

આંક-૩૮૫

શ્રી એચ. ડી. પંડયા, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ સમક્ષ
રેફરન્સ (આઈટી) નં. ૪૯/૧૯૯૩.

બ્રોમીન પ્રા. લી., ઓઢવ બસ ટર્મીનસ પાછળ, ઓઢવ, અમદાવાદ. } પ્રથમ પક્ષકાર

અને

તેના કામદારો, C/o ગુજરાત મજદૂર પંચાયત, ડો. લોહીયા સદન, ઓઢવ, અમદાવાદ. } બીજાપક્ષકાર

મજૂર કમિશનરશ્રી, અમદાવાદે તેમના તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ ના હુકમથી સંસ્થા બંધ કરવાની અરજી મંજૂર કરવામાં આવેલ તે હુકમ કાયદેસર અને વ્યાજબી છે કે કેમ ?

શ્રી. જે. જી. શાહ, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિદ્વાન એડવોકેટ

શ્રી. કે. ટી. ત્રિવેદી, બીજા પક્ષકાર યુનિયન તરફે અને
શ્રી. શહાણી, બીજા પક્ષકાર યુનિયન તરફે

ચુકાદો

૧. મજૂર કમિશનરશ્રી, અને સ્પેસીફાઈડ ઓથોરીટી, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, ગુજરાત રાજ્ય, અમદાવાદે તેમના તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના હુકમ ક્રમાંક મ.ક. ૫/આઈડીઆર-કલોઝર/૮/૯૨/૨૯૨૧૧ થી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨૫ ઓ (૫) હેઠળ મળેલ સત્તા રુઈએ બ્રોમીન પ્રા. લી., ઓઢવ, અમદાવાદ ને તેમના તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ ના હુકમ ક્રમાંક મ. ક. ૫./આઈડીએ/ કલોઝર/૮/૯૨/૧૪૫ થી સંખ્યા બંધ કરવાની અરજી મંજૂર કરવામાં આવેલ તે હુકમને ન્યાયનિર્ણય માટે સરકારશ્રી ના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૮૯ ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૩૫૫-આઈડીએ-૧૦૯૯-૫૦૦/મ-૪, અન્વયે બનેલ ઔદ્યોગિક ટ્રીબ્યુનલ, અમદાવાદને ન્યાયનિર્ણય સારું લખી મોકલવામાં આવેલ છે.

૨. પ્રથમ પક્ષકાર કંપનીએ પોતાનું લેખીત નિવેદન આંક ૭ થી રજૂ કરેલ છે. આ માંગણાના નિવેદનમાં તેમનો કેસ એવો છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને સને ૧૯૫૯ માં મુંબઈ મુકામે ઈન્કોપોરેટ થયેલ અને ત્યારબાદ સને ૧૯૬૨ ના અરસામાં આ કંપનીનું રજીસ્ટ્રેશન મુંબઈથી અમદાવાદ મુકામે બદલવામાં આવેલ. પ્રથમ પક્ષકાર કંપની ઈલેકટ્રીક મોટર્સ અને મોનોબ્લોક પંપ બનાવે છે અને તેઓએ અમદાવાદ

INDEX

મુકામે સને ૧૯૬૨ ના અરસામાં ઉપરની વસ્તુઓનું ઉત્પાદન શરૂ કરેલ. શરૂઆતમાં કંપનીની પ્રગતિ સારી હતી. તેઓનો વધુમાં કેસ એવો છે કે, સને ૧૯૮૦ ના અરસામાં ઈન્ડરસોલ રેન્ડ ઈન્ડીયા લી. એ તેમને ૨૪૦૦ સેન્ટ્રીફ્યુગલ પંપ બનાવવાનો ઓર્ડર આપેલ અને આ પંપ અમેરીકા ખાતે નિકાલ કરવાના હતાં. સદરહું કંપનીએ તેઓને વધુમાં એવી પણ ખાતરી આપેલ કે ઉપર જણાવેલ જાતના પંપો તેઓ દર વરસે ૧૦,૦૦૦ જેટલાનો ઓર્ડર આપશે- સદર કંપનીનો ઉપરનો ઓર્ડર તેઓએ સ્વિકારેલ અને ત્યારબાદ આ પંપ બનાવવા માટે નવી મશીનરી અને ટેસ્ટીંગ સવલતો વગેરે તૈયાર કરેલી અને કેટલાક ટેકનીકલ તથા નોન ટેકનીકલ સ્ટાફને નોકરીમાં રાખેલા. આ માટે કંપનીને બહુ મોટો ખર્ચ કરવો પડેલ અને તેથી કંપનીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી રૂા. ૨૫ લાખની લોન શરૂઆતમાં લીધેલ અને જે પાછળથી વધીને રૂા. ૩૫ લાખ જેટલી થયેલ. ત્યારબાદ તેઓએ સદર કંપનીને ૨૪૦૦ પંપ આપેલા ત્યાર પછી સદર કંપનીને બાકીના પંપો તૈયાર કરેલા પરંતુ સદર કંપનીને પંપોની ડીલીવરી લીધેલી નહીં અને આથી તેઓની આર્થીક સ્થિતી બહૂ નબળી પડેલી તેઓનો વધુમાં કેસ એવો છે કે, સદર કંપનીએ બાકીના પંપો ન લેવાને કારણે જે નવી મશીનરી વગેરે હતી તે એમને એમ પડી રહેલ. અને બેન્ક પાસેથી જે રૂા. ૩૫ લાખની લોન યુનિટસેટ આપ કરવા માટે લીધેલી તે પણ નકામી ગયેલી. અને આથી તેઓ બેન્કની લોન ભરી શકેલ નહીં અને વ્યાજ પણ ભરી શકેલ નહીં. તેઓનો વધુમાં કેસ એવો છે. કે આથી સને ૧૯૮૨ની સાલથી કંપનીને સતત ખોટ આવે છે અને ફકત બે વરસ સને ૧૯૮૫ અને ૧૯૮૬ સિવાય બાકીના વરસમાં કંપનીએ સતત ખોટ કરેલ છે. તેઓનો વન્ધુમાં કેસ એવો છે કે, સેલ્સ ટેક્ષ, ઓકટ્રોય વગેરે બચાવવા માટે કંપની એ યુનિત પ્રા. લી. મારફતે પંપોનું વેચાણ શરૂ કરેલ અને મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશ રાજયમાં યુનિત પ્રા. લી મારફતે સને ૧૯૮૯ થી પંપો વેચવા માંડેલા અને તેના કારણે તેઓ ૫૦ ટકા જેટલો ખર્ચ બચાવી શકતા હતાં અને આથી કંપનીએ આશરે ૧૬,૪૩,૭૬૭ જેટલી રકમ સેલ્સ ટેક્ષ અને ઓકટ્રોય પેટે બચાવેલી. તેઓનો વધુમાં કેસ એવો છે કે, તેઓના આર્થીક સંજોગો ઉપર પ્રમાણે નબળા હોવા છતાં કામદારોએ સને ૧૯૮૪માં પગાર વધારા વગેરે અંગેની કેટલી માંગણીઓ રજૂ કરેલી અને તે અંગેનો એવોર્ડ તેમના લાભમાં થયેલ અને તેના કારણે તેઓને રૂા. ૪,૮૦,૦૦૦ જેટલો આર્થીક બોજ એક વરસ માટે આવેલ. તેઓનો વધુમાં કેસ એવો છે કે, ત્યારબાદ ઓફીસમાં કામ કરતા કર્મચારીઓ સને ૧૯૮૨ માં કેટલીક માંગણીઓ બાબતે સમાધાન કરેલ અને તેના કારણે કંપનીને દર વરસે રૂા. ૭૫,૦૦૦ જેટલો વધારાનો બોજ પડેલ. કામદારોની એડ રેફરન્સ નં. ૨૫૨/૧૯૮૧, મજૂર અદાલત સમક્ષ તેમની કેટલીક માંગણીઓ બાબતે પડતર હતી અને તેમાં યુનિયને કામદારોને વચગાળાની રાહત આપવી જોઈએ તે અંગેની અરજી કરેલ અને મજૂર અદાલતે વચગાળાની રાહત આપેલી અને તેથી કંપનીએ આ હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારેલ જે હજૂ પડતર છે. તેઓનો વધુમાં કેસ એવો છે કે, સ્ટેટ બેન્ક પાસેથી જે લોન લેવામાં આવેલ તે લોન તથા વ્યાજા મળી એકંદર રૂા. ૫૨.૭૮ લાખ જે બાકી નીકળતા હતાં તે વસુલ કરવા માટે બેન્કે દાવે કરેલ છે અને અત્યારે આ રકમ આશરે રૂા. ૧ લાખ કરોડ થવા જાય છે. તેઓની વન્ધુમાં કેસ એવો છે કે, આમ પ્રથમ પક્ષકાર કંપની સને ૧૯૮૨ થી ૨ વરસ સિવાય સતત ખોટમાં જાય છે અને ઉપરના કારણોસર તથા ઉપર જણાવેલ બીજા કારણોસર કંપનીને તેમની ફેકટરી કાયમ માટે બંધ કરવાની ફરજ પડેલ છે. શરૂઆતમાં તેઓએ તેમનું વાઈન્ડીંગ અને ગ્રાઈન્ડીંગ ડીપાર્ટમેન્ટ બંધ કરવા વિચારેલ અને તે અંગેની અરજી નામદાર મજૂર કમિશનર સમક્ષ કરેલ અને ત્યારબાદ તેઓએ આખી ફેકટરી બંધ કરવા માટે મજૂર કમિશન

INDEX

સમક્ષ અરજી કરેલી. મજૂર કમિશનરે કેટલીક શરતો આધીન રહીને તેમની સંસ્થા બંધ કરવા માટે હુકમ કરેલો. મજૂર કમિશનરે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ (૮) હેઠળ કામદારોને જે વળતર ચુકવવાનું છે તે વળતર કામદારોને ફેકટરી બંધ કરતા અગાઉ ચુકવી આપવા માટે હુકમ કરેલ છે. આમ વળતર ચૂકવવાની શરતે પુર્વ શરત તરીકે મજૂર કમિશનરો મુકેલ છે જે ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે. મજૂર કમિશનરને આવી પુર્વશરત મુકવાને કોઈ હકક કે અધિકાર નથી. તેમ છતાં તેઓએ આવી શરત મુકી છે તે ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે. બીજા પક્ષકાર યુનિયને મજૂર કમિશનરે સંસ્થા બંધ કરવા માટે જે હુકમ કોઈ કરેલ છે તે હૂકમ વિરુદ્ધ મજૂર મકમિશનરને અરજી કરીને ઉપરની બાબત ન્યાય-નિર્ણય માટે મોકલવા માટે જણાવેલ. પ્રથમ પક્ષકાર કંપનીએ પણ કામદારોને વળતર ચુકવવાની જે પૂર્વ શરત મુકેલ છે તે શરત વિરુદ્ધ પણ મજૂર કમિશનરને અરજી કરેલી. અને મજૂર કમિશનરે અગાઉ જણાવેલ મુજબ ઉપરની તકરાર આ ન્યાયનિર્ણય માટે અમારા ન્યાયી પંચને લખી મોકલવામાં આવેલ છે.

૩. બીજા પક્ષકાર યુનિયને પોતાનો લેખીત જવાબ આંક ૧૦ થી ૨૬ કર્યો છે. આ જવાબમાં તેઓએ પ્રથમ પક્ષકાર કંપનીએ તેમના માંગણાના નિવેદનમાં જે જે આક્ષેપો કર્યા છે તે તમામનો ઈન્કાર કર્યો છે. તેઓનો બચાવ એવો છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ તેમનુ એકમ તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ થી બંધ કરવા માટે પરવાનગી માગેલ નહી આથી તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ થી તેમની આવી જાતની પરવાનગી આપવી જોઈએ કે તેમનો વિવાદ નક્કી કરવાનો છે. તેઓનો વધુમાં બચાવ એવો છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ થી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તેઓના કામદારોને કામે લેવાનું બંધ કરેલ છે અને હાજરી પુરવાનું બંધ કરેલ છે, તથા પગાર ચુકવવાનું બંધ કરેલ છે અને આથી પ્રથમ પક્ષકાર કંપનીનુ આ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર કંપની કોઈ દાદ મેળવવા માટે હક્કદાર થતાં નથી. તેઓનો વધુમાં બચાવ એવો છે કે, મજૂર કમિશનરના હુકમ મુજબ પ્રથમ પક્ષકાર કંપની કામદારોને તેમના કાયદેસરના હક્કો ચુકવેલ નથી. તેઓનો વધુમાં બચાવ એવો છે કે, કંપનીનુ વેચાણ દર વરસે ઉત્તરોત્તર વધતુ ગયુ છે તથા તેમના મીલકતમાં પણ સતત વધારો થયો છે. તેઓનો બચાવ એવો છે કે, ઈન્ગરસોલ રેન્ડ કંપનીએ પંપો લેવાનુ બંધ કરેલ છે તેમ પ્રથમ પક્ષકાર કંપનીએ જણાવ્યું છે તે બાબતમાં જણાવવાનું કે, આ કંપની પાસે કોઈ કરારબધ્ધ થઈ અને આવડી મોટી લોન લીધી હોવી જોઈએ અને આ કંપની એકાએક પંપ લેવાનું બંધ કરી શકે નહી. નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા માટે આ તમામ હકીકતો જણાવેલ છે કરાર વગર માત્ર મૌખિક વાત ઉપર આધાર રાખી આવડી મોટી રકમની લોન લઈ શકે નહી તેઓનો વધુમાં કેસ એવો છે કે અમદાવાદ શહેરમાં પંપો બનાવતી ઘણી કંપનીઓની ઘણી સમૃધ્ધ રીતે ચાલે છે અને સારો નફો કરે છે અને તેથી પ્રથમ પક્ષકાર કંપની સને ૧૯૯૮૨ થી નુકશાન કરે છે તે હકીકત ટકી શકે તેમ નથી તેઓનો વધુમાં બચાવ એવો છે કે, પ્રથમ પક્ષકાર કંપની તેના ઉત્પાદનની માલનું વેચાણ ઈનિત પ્રા. લી. દ્વારા કરે છે કંપનીનો મોટો નફો કંપનીના ઘરે લઈ જાય છે ઈનિત પ્રા. લી.ના ડાયરેકટરો અને પ્રથમ પક્ષકાર કપનીના ડાયરેકટરો અરસ પરસ એકજ છે ઈનિત પ્રા. લી નકો વ્યવસાયથી પ્રથમ પક્ષકાર કંપની તેનો નફો પોતાના ચોપડે નહી બતાવતાં પુનિત પ્રા. લી.ના ચોપડે નફો બતાવી કપનીના નફાને અધ્ધર કરવામાં આવે છે તેઓનો વધુમાં બચાવ એવો છે, કંપની પાસે ઓડ ૨ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. કામદારો દ્વારા ઉભી કરવામાં આવેલ

INDEX

માંગણીઓ દ્વારા વધારાનો બોજ કંપની ઉપર પડે છે એ હકીકત સાચી નથી. કામદારોને ચૂકવવામાં આવતા લાભોથી કોઈપણ જાતનો આર્થીક બોજ કંપની ઉપર પડતો નથી. તેઓનો વધુમાં બચાવ એવો છે કે, કામદારોને પગાર વધારો તેમજ નિયમીત રીતે પગાર ન આપવો પડે તે આશયથી કંપની તેની ઉત્પાદન પ્રક્રીયા કોન્ટ્રાકટ પ્રથમ દ્વારા કરવા માગે છે અને નિયમિત રીતે કામે રાખવામાં આવેલ કામદારોને કામ ઉપરથી છુટા કરી સમગ્ર ઉત્પાદન પ્રક્રીયા કોન્ટ્રાકટ પધ્ધતિ દ્વારા કરવા માગે છે અને આવા બદઈરાદાથી તેઓ તેમનું એકમ બંધ કરવા માગે છે. કંપનીનું સમગ્ર એકમ બંધ કરવાનો ઈરાદો શુદ્ધબુદ્ધિનો નથી, તેઓનો વધુમાં કેસ એવો છે કે, કંપની તેના કામદારોને પગાર વધારો નહીં ચુકવવાના આશયથી કામદારોને નોકરીમાંથી છુટા કરી બંધ કરવા માંગે છ અને આ આશયથી કામદારોને તેમનું એકમ બંધ કરવા માગે છે. કંપની સ્ટેટ બેન્કની લોન ભરપાઈ કરવા નિષ્ફળ ગઈ છે. લોન પૂરી કરવાની જવાબદારી કંપનીની છે. લીધેલા નાણાં પરત આપવાની દાનત કંપનીએ બતાવેલ નથી અને નફો કાગળ ઉપર બીજી કંપનીના નામે ઉભો કરી નફો ડાયરેકટરો તેમના ઘરે લઈ ગયા છે અને ચોપડે ક્હેવાતુ નુકશાન બતાવી બેન્ક સાથે ઠગાઈ કરી છે. બેન્કના નાણા હડપ કરવાના આશયથી લોન લેવામાં આવી છે. કામદારોને ક્રાયદેસરના હકકો ચુક્વ્યા વગર કંપની જો બંધ કરવાની પરવાનગી મળી હોય તો કામદારોને તેમના ક્રાયદેસરના હકકો ચુક્વ્યા વગર કંપની બંધ કરી શકાય નહીં. કંપનીનું તેમનું એકમ બંધ કરવાનું તેમને પગલું તદન ગેરવ્યાજબી અને ગેરક્રાયદેસર છે. તેઓનો વધુમાં બચાવ એવો છે કે. ૨૭ કામદારોએ રાજીનામા આપી દીધેલા છે. અને તેઓના તેમના ક્રાયદેસરના હકકો ચુક્વી આપેલ નથી. કામદારો કામ કરી શકે નહીં તે આશયથી કંપનીએ તેનુ વીજળી જોડાણ પણ કાપી નાંખેલ છે. કામદારોએ રાજીનામા આપેલા હોવાથી માસીક ચુકવવા પાત્ર પગાર ભથ્થામાં પણ ઘટાડો થયેલ છે. કંપનીએ તેમનો કાચો માલ ઓઢવ ખાતેથી શાહીબાગ ઓફીસે ખસેડી લીધેલ છે. કોઈપણ જાતની પરવાનગી લીધા સિવાય કામદારોને લે ઓફ આપેલ છે. તેઓનો વધુમાં બચાવ એવો છે કે કંપનીને કોઈ એવો અનિવાર્ય પરિસ્થિતિ ઉભી થયેલ નથી કે કંપની પાસે કોઈ કાબુ બહારના સંજોગો ઉભા થયેલા નથી કંપની બંધ કરવાની માંગણી કરતી અરજીમાં સંતોષકારક અને વ્યાજબી કારણો જણાવેલ નથી. અને આથી કંપનીની એકમ બંધ કરવાની અરજી ચાલી શકે તેમ નથી. તેઓનો વધુમાં કેસ એવો છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની ક્લમ ૨૫ ઓ (૮) પ્રમાણે વળતરની રકમ ચુકવણીની જવાબદારી કંપનીની છે. કંપની તેમના કેટલાંક કામો જોબવર્ક દ્વારા કરાવે છે. અને તેથી કામદારોનો પગાર બહુ વધું છે તેવુ માની શકાય નહીં. તેઓનો વધુમાં બચાવ એવો છે કે, રેફરન્સ નં. ૨૨૬/૮૪ ના ચુકાદા ના આધારે કામદારો હાલમાં પગાર મેળવી રહ્યા છે. ચુકાદો આપતી વખતે જજ સાહેબે દરેક પાસાઓ તપાસી ચુકાદો આપેલ છે. કંપનીની છેલ્લા ત્રણ વરસમાં મીલકતમાં મોટરકાર, એરકન્ડીશનર, ટેલીફોન પાછળ રૂા. ૭ લાખથી વધુ ખર્ચ કર્યો છે. તે જોતાં તેમની આર્થિક સ્થિતિ સદ્ધર છે. ડાયરેકટરોને યુનિયન પ્રવૃત્તિ ગમતી નથી. અને તેથી સંગઠીત થાય તેવું ઈચ્છતાં નથી. અને સંગઠન તોડી પાડવા માટે યુનિયન પ્રવૃત્તિનો નાશ કરીને યુનિયનમાં જોડાયેલ કામદારોને ઉપર વેરભાવ તેમજ કીન્નાખોરી રાખી કામ-દારોને બેકાર બનાવવાની કંપનીનો ઈરાદો છે. અને તેથી તેઓએ તેમનું એકમ બંધ કરવા માટે અરજી કરેલી છે. તેમના કહેવા મુજબ પ્રથમ પક્ષકાર કંપનીની અરજી ગેરવ્યાજબી અને ગેરક્રાયદેસર છે. અને તેઓએ તેમની માંગણીમાં જે દાદ માંગી છે તે મેળવવા માટે હકકદાર થતાં નથી અને તેથી, તેઓએ આ રેફરન્સ રદ કરવા માટે વિનંતી કરી છે.

INDEX

૪. પ્રથમ પક્ષકાર કંપનીએ સાહેદ ગુલાબદાસ અંબાલાલ તથા આનંદભાઈ નરસીભાઈ ને અનુક્રમે આંક ૧૧ તથા ૪૮ થી તપાસેલા છે. આ સિવાય તેઓએ બીજા કોઈ સાહેદ તપાસ્યા નથી. બીજા પક્ષકાર યુનિયને સાહેદ મથુરજી રાયધણજીને આંક ૩૭૬ થી તપાસેલા છે. આ સિવાય યુનિયને બીજા કોઈ સાક્ષી તપાસેલા નથી.

૫. પ્રથમ પક્ષકાર કંપની તરફે તેમના વિધ્વાન વકીલ શ્રી જે. જી. શાહ તથા બીજા પક્ષકાર યુનિયન તરફે શ્રી કે. ટી. ત્રિવેદી તથા શ્રી શહાણીને સાંભળવામાં આવ્યા છે.

૬. પક્ષકારો વચ્ચે મોટાભાગની હકીકતો બાબતમાં તકરાર નથી. જે હકીકતો બાબતમાં તકરાર નથી તે નીચે મુજબ છે.

પ્રથમ પક્ષકાર કંપની, એ કંપની એકટ હેઠળ ઈનકોરપોરેટ થયેલ છે અને આ કંપનીએ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને આ કંપની સને ૧૯૫૯માં મુંબઈ ખાતે રજી. થયેલ. ત્યાર-બાદ સને ૧૯૬૨ના અરસામાં આ કંપનીનું રજીસ્ટ્રેશન અમદાવાદ ખાતે બદલવામાં આવેલ. પ્રથમ પક્ષકાર કંપનીએ ઈલેકટ્રીક મોટર અને મોનોબ્લોક પંપ સને ૧૯૬૨થી અમદાવાદમાં ઉત્પાદન કરતી હતી. શરૂઆત ના વરસોમાં કંપનીની પ્રગતિ સારી હતી. પ્રથમ પક્ષકાર કંપની એ અમદાવાદના મજુર કમીશનરને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ હેઠળ અરજી કરી તેમનું એકમ બંધ કરવાની પરવાનગી માગેલ. અમદાવાદના મજુર કમીશનરે તેમના તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના હુકમથી પ્રથમ પક્ષકાર કંપનીની અરજી માન્ય રાખેલી. અને તેમનુ એકમ બંધ કરવા માટે પરવાનગી આપેલી પરંતુ આ પરવાનગી તેઓએ એવી શરતે આપેલ કે કંપનીએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ (૮) હેઠળ જે વળતર ચૂકવવાનું છે તે વળતર તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ પહેલા ચુકવવાનું રહેશે. અને તે શરતે તેમને કારખાનું બંધ કરવાની મંજુરી આપવામાં આવેલ. મજુર કમીશનરના આ હુકમ વિરુધ્ધ બીજા પક્ષકાર યુનિયને મજૂર કમીશ્નર સમક્ષ અરજી આપી ઉપરની બાબત ટ્રીબ્યુનલને ન્યાયનિર્ણય માટે મોકલી આપવા જણાવેલ. આવી અરજી પ્રથમ પક્ષકાર કંપનીએ પણ મજૂર કમીશનરટેક આપેલી. આથી મજુર કમીશ્નરે ઉપરની બાબત આ ટ્રીબ્યુનલને ન્યાયનિર્ણય કરવા માટે મોકનેલ આપેલ છે.

૭. હવે પ્રથમ પક્ષકાર કંપનીનો કેસ એવો છે કે, તેઓની કંપની સને ૧૯૮૨થી સતત સિવાય કે એ બે એક વરસ નફો કર્યો હોય તે સિવાય તમામ વરસોમાં ખોટ કરતી આવી છે અને તેમની આર્થીક સ્થિતિ ઉત્તરોત્તર નબળી પડતી ગઈ છે અને તેથી તેઓ તેમની સંસ્થા હવે ચલાવી શકે તેમ નથી અને તેથી તેમને તેમની આ સંસ્થા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ હેઠળ બંધ કરવાની પરવાનગી આપવી જોઈએ. પ્રથમ પક્ષકાર કંપનીએ તેમની આર્થીક સ્થિતી ઉત્તરોત્તર નબળી પડતી ગઈ છે તે બતાવવા માટે કેટલાક કારણો આપેલ છે પણ ટુંકમાં તેમના કહેવા મુજબ સને ૧૯૮૨થી તેમની સંસ્થાની આર્થીક સ્થિતિ ઉત્તરોત્તર નબળી પડતી ગઈ છે અને તેથી તેઓ હવે આ કારખાનું ચલાવી શકે તેમ નથી અને તેથી તેમના કહેવા મુજબ તેમને તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી જોઈએ. બીજા પક્ષકાર યુનિયને ઉપરની હકીકતોનો ઈન્કાર કર્યો છે. તેમના કહેવા મુજબ પ્રથમ પક્ષકાર કંપનીની અરજી શુધ્ધ બુધ્ધિની નથી અને કામદારોને છુટા કરી કંપની કોન્ટ્રાક્ટર દ્વારા કામ આપી તેમની ફેક્ટરી ચલાવવા માગે છે અને તેથી તેમની આ અરજી શુધ્ધબુધ્ધિવાળી

INDEX

નથી પરંતુ ધ્વેશબુધ્ધિથી કરવામાં આવેલ છે અને તેથી તેમના કહેવા મુજબ કંપનીને તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી જોઈએ નહી તેમના કહેવા મુજબ મજુર કમીશનરે પ્રથમ પક્ષકાર કંપનીને કારખાનું બંધ કરવા માટે જે પરવાનગી આપી છે તે પરવાનગી વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની નથી. આથી પ્રથમ પક્ષકાર કંપનીનો આ રેફરન્સ રદ કરવા માટે વિનંતી કરી છે.

૮. હવે આ કામમાં મહત્વનો મુદ્દો એ ઉપસ્થિત થાય છે કે, મજૂર કમીશનરે તેમના તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ ના રોજના હુકમથી પ્રથમ પક્ષકાર કંપનીને તેમનું કારખાનું બંધ કરવા માટે કેટલીક શરતોએ જે પરવાનગી આપી છે તે વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની છે કે કેમ ? મારા મંતવ્ય મુજબ મજૂર કમિશનરનો આ હુકમ નીચે જણાવેલ કારણસર વ્યાજબી, ન્યાયી અને કાયદેસરનો છે.

૯. હવે અગાઉ જણાવ્યા પ્રમાણે અમદાવાદના મજૂર કમિશનરે પ્રથમ પક્ષકાર કંપનીને તેમનું કારખાનું કેટલીક શરતો આધીન રહી બંધ કરવા માટે તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજના હુકમથી પરવાનગી આપેલી. મજૂર કમિશનરનો આ હુકમ જે આપણા માટે મહત્વનો છે તે નીચે મુજબ છે.

હુકમ

"અરજદાર સંસ્થાની કારખાના બંધીની અરજીને માન્ય રાખવામાં આવે છે અને કારખાના બંધીની પરવાનગી આપવામાં આવે છે. અરજદાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨૫ ઓ ની પેટા—કલમ-૮ હેઠળ જણાવેલ સંસ્થાના કામદારોને ચુકવવાનું વળતર કારખાના બંધીની તારીખ એટલે કે તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ પહેલા ચુકવવાના રહેશે. તે શરતે કારખાના બંધીની મંજૂરી આપવામાં આવે છે.

આ આદેશ આજરોજ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ મારા સહી સીક્કા સાથે ખુલ્લી કોર્ટમાં જાહેર કરવામાં આવે છે.

પક્ષકારોને આદેશની લેખીતમાં જાણ કરવી.

૧૦. હવે પ્રથમ પક્ષકાર કંપનીએ તેમનું કારખાનું બંધ કરવા માટે જે કારણો જણાવ્યા છે તે કારણોના ખરાપણા અને પુરતાપણા અને સામાન્ય લોકોના હિતને અને બીજા તમામ સંબંધીત પાસાઓ ધ્યાનમાં લઈ અને કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી જોઈએ કે કેમ ? અને જો પરવાનગી આપવાની અરજી મંજૂર કરવાનું ઘુરવાર થાય તો કોઈ પૂર્વશરતને આધીન રહીને પરવાનગી આપવી જોઈએ કે કેમ ? તે પ્રશ્નનો નિર્ણય કરીએ તે અગાઉ પ્રથમ પક્ષકાર કંપનીના વિદ્વાન વકીલ શ્રી જે. જી. શાહે જે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે તે મુદ્દાનો નિર્ણય કરીએ.

INDEX

૧૧. શ્રી શાહની દલીલ એવી છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કમ ૨૫ ઓ (૫) મુજબ મજૂર કમિશનરે ઉપરની બાબત ન્યાયનિર્ણય કરવા માટે ટ્રીબ્યુનલને મોકલી આપેલ છે. તેમના કહેવા મુજબ ટ્રીબ્યુનલને ઉપરની જે બાબત મોકલી છે તેનો નિર્ણય આ ટ્રીબ્યુનલે તેને અપેલેટ અથવા સુપરવાઈઝરી હકુમત છે તેમ ગણી કરવાનો છે. તેમના કહેવા મુજબ આ ન્યાયપંચે ઉપરની બાબતને ઓરીજીનલ જ્યુરીડીકશન છે તેમ ગણી સાક્ષીઓની જુબાની લઈ પુરાવા લઈ જે રીતે ન્યાયનિર્ણય કરવા માગે છે તે રીતે આ બાબતનો ન્યાય નિર્ણય થઈ શકે નહી પરંતુ આ ટ્રીબ્યુનલ મજૂર કમીશનરના હુકમ વિરૂધ્ધ અપીલ રીવીઝન સાંભળે છે તે રીતે ન્યાયનિર્ણય કરવાનો છે. બીજા પક્ષકાર યુનિયન તરફે આ સામે વાંધો ઉઠાવેલ છે. તેમના કહેવા મુજબ ઔદ્યોગિક વિવાદ ધારા ની કલમ ૨૫ ઓ (૫) હેઠળ આ ન્યાંયપંચે તેને ઓરીજીનલ જ્યુરીડીકશન છે તેમ ગણી અને ઉપરની બાબતનો નિર્ણય કરવાની છે.

૧૨. હવે પક્ષકારોના વિદ્વાન વકીલોની ઉપરની તકરારોની નિર્ણય કરીએ તે અગાઉ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓની જોગવાઈઓ જે આપણા માટે મહત્ત્વની છે તે આપણે જોઈએ. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ઓની જોગવાઈઓ નીચે મુજબ છે.

"૨૫-ઓ. અંડર ટેકીંગ બંધ કરવા માટેની કાર્યરીતિ.

(૧) જેને આ પ્રકરણ લાગુ પડતુ હોય તે કોઈ ઔદ્યોગિક સંસ્થાનું અંડર ટેકીંગ બંધ કરવા માંગતા કોઈ માલિકે તે તારીખે અંડર ટેકીંગ બંધ કરવાનું હોય તે તારીખ અગાઉ ઓછામાં ઓછી નેવું દિવસ પહેલા અગાઉથી પરવનગી મેળવવા માટે સમુચિત સરકારને ઠરાવેલી રીતે અરજી કરવી જોઈએ અને તેમાં અંડરટેકીંગ બંધ કરવાના ઈરાદાના કારણો સ્પષ્ટ રીતે જણાવવા જોઈશે. અને આવી અરજીની એક નકલ સાથોસાથ કામદારોના પ્રતિનિધિઓને ઠરાવેલી રીતે બજાવવી જોઈએ.

પરંતુ મકાનો, ખુલી, રસ્તા, નહેરો, બંધો અને બીજા બાંધકામ કરવા માટે ઉભા કરેલા કોઈ અંડર ટેકીંગને આ કલમમાંનો કોઈ મજકુર લાગુ પડશે નહી.

(૨) પેટા કલમ (૧) હેઠળ પરવાનગી માટેની અરજી કરવામાં આવી હોય ત્યારે સમુચિત સરકારે, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી અને માલિકને કામદારોને અને આવા કામ બંધીમાં હિત ધરાવતી વ્યકિતઓને સુનાવણીની વ્યાજબી તક આપ્યા પછી, માલિકે જણાવેલ કારણોના ખરાપણા અને પુરતાપણાને સામાન્ય લોકોના હિતને અને બીજા તમામ સંબંધીત પાસાઓને ધ્યાનમાં લઈ અને હુકમ કરીને અને કારણોની લેખીત નોંધ કરીને આવી પરવાનગી આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે અને આવા હુકમની એક નકલ, માલિક અને કામદારોને મોકલવી જોઈશે.

(૩) પેટા કલમ (૧) હેઠળ અરજી કરવામાં આવી હોય અને સમુચીત સરકાર જે તારીખે અરજી કરી હોય તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર માલીકને પરવાનગી આપવાની અથવા પરવાનગી આપવાની ના પાડવાના હુકમની જાણ ન કરે ત્યારે જેના માટે અરજી કરી હોય તેવી પરવાનગી, સદરહુ સાઠ દિવસની મુદત પુરી થયે આપેલી છે એમ ગણાશે.

INDEX

(૪) પરવાનગી આપતો અથવા પરવાનગી આપવાની ના પાડતો સમુચીત સરકારનો હુકમ પેટા-કલમ (૫) ની જોગવાઈઓને આધીન રહીને આખરી ગણાશે અને સંબંધીત તમામ પક્ષકારોએ બંધનકર્તા રહેશે. અને આવા હુકમની તારીખથી એક વરસની મુદત સુધી અમલમાં રહેશે.

(૫) સમુચીત સરકાર પોતાની મેળે અથવા માલિકે અથવા કામદારો કરેલી અરજી ઉપરથી પેટા-કલમ (૨) હેઠળ પરવાનગી આપતા અથવા પરવાનગી આપવાના ના પાડતા પોતાના હુકમથી ફેર વિચારણા કરી શકશે અથવા તેબાબત ન્યાય-નિર્ણય માટે ટ્રીબ્યુનલને મોકલાવી શકશે.

પરતુ આ પેટા-કલમ હેઠળ ટ્રિબ્યુનલને રેફરન્સ કરવામાં આવ્યો હોય ત્યારે આવી રીતે મોકલ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર ચુકાદો આપવો પડશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ પરવાનગી માટેની કોઈપણ અરજી કરવામાં આવી ન હોય અથવા અંડરટેકીંગ બંધ કરવા માટેની પરવાનગી આપવાનીના પાડવામાં આવી હોય ત્યારે, અંડર-ટેકીંગ બંધ કરવાનું, તે બંધ કર્યાની તારીખથી ગેરકાયદેસર છે એમ ગણાશે અને કામદારો અંડરટેકીંગ બંધ કરવામાં આવ્યું ન હોય તેમ તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ તમામ લાભો મેળવવા માટે હક્કદાર રહેશે.

(૭) આ કલમની અગાઉની જોગવાઈઓ ગમે તે મજકુર હોય તે છતાં, સમુચીત સરકાર પોતાને એવી ખાતરી થાય કે અંડરટેકીંગમાં આકરમાત તરીકેના અસાધારણ સંજોગોને અથવા માલિકનું મત્યુ થવાને અથવા તેવાજ બીજા કારણે તેમ કરવું જરૂરી છે. તો હુકમ કરીને આદેશ કરી શકશે કે પેટા કલમ (૧) ની જોગવાઈઓ, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી આવા અંડર ટેકીંગના સંબંધમાં લાગુ પડશે નહી.

(૮) પેટા-કલમ (૨) હેઠળ અંડરટેકીંગ બંધ કરવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ અંડર ટેકીંગ બંધ કરવાની પરવાનગી આપી હોવાનું ગણાય ત્યારે, આ કલમ હેઠળ પરવાનગી માટેની અરજીની તારીખની તરત પહેલા અંડર ટેકીંગમાં કામે રાખેલા દરેક કામદાર, છ મહિના કરતાં વધુ હોય તેવી સળંગ નોકરીના દરેક પુરા વર્ષ અથવા તેના ભાગ માટે ૧૫ દિવસનો સરેરાશ પગાર જેટલું વળતર મેળવવા હક્કદાર રહેશે."

૧૩. હવે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ ની ઉપરની જોગવાઈઓ જોવાથી આ હકીકત માલુમ પડે છે કે, જે સંસ્થાને આ પ્રકરણ એટલે કે પ્રકરણ ૫-બી ની જોગવાઈઓ લાગુ પડતી હોય એટલે કે જે ઔદ્યોગિક સંસ્થામાં ગઇ રાશ ૧૦૦ થી ઓછા ન હોય તેટલ કામદારો કામ કરતાં હોય તેવી સંસ્થાને જો તેમનું એકમ બંધ કરવું હોય તો તેઓએ ઔદ્યોગિકો વિવાદ ધારાની કલમ ૨૫-ઓ ની ઉપરની જોગવાઈઓ પ્રમાણે સમુચીત સરકારને પરવાનગી માગતી અરજી કરવાની હોય છે. સમુચીત સરકારે આ અંગે યોગ્ય સત્તાધિકારી મજૂર કમિશનરને નીમેલા છે આથી પ્રથમ પક્ષકાર કંપનીમાં ૧૦૦ થી વધારે કામદારો કામ કરતાં હોય અને તેથી તેઓએ તેમનું કારખાનું બંધ કરવા માટે અમદાવાદ મજૂર કમિશનરને અરજી કરેલી. અગાઉ જણાવ્યા પ્રમાણે મજૂર કમિશનરે તેમનાં તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના હુકમથી કેટલીક શરતોને આધીન રહી તેમની અરજી મંજૂર કરેલી. ત્યારબાદ બન્ને પક્ષકારોએ અમદાવાદના

INDEX

મજુર કમિશનરને તેમના હુકમ બાબતે ન્યાયનિર્ણય માટે ન્યાયપંચને મોકલવાની વિનંતી કરેલી જે વિનંતી ગ્રાહય રાખી અને તેઓએ ઉપરની તકરાર ન્યાયનિર્ણય માટે મોકલી આપેલી. આમ મજુર કમિશનરે ઉપરની બાબતનો ન્યાયનિર્ણય કરવા સારૂ આ ન્યાયપંચને મોકલી આપેલ છે.

૧૪. હવે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ (૫) માં જે અંગ્રેજીમાં શબ્દો વાપરવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. :—

" or refer the matter to a Tribunal for adjudication. "

આમ કલમ ૨૫-ઓ (૫) ની ઉપરની જોગવાઈ જોવાથી એ હકીકત માલુમ પડે છે કે, ન્યાયપંચે ઉપરની બાબતનો લાભ ન્યાયનિર્ણય એટલે કે એડજ્યુડીકેશન કરવાનું છે અને આ કલમમાં ન્યાયપંચે મજર કમીશનરના હકમ વિરૂદ્ધ અપીલ કે રીવીઝન સાંભળવાની નથી, કારણ કે આવો કોઈ શબ્દ આ કલમમાં જણાવવામાં આવેલ નથી. વધુમાં કલમ ૧૦ માં ન્યાયપંચ, મજુર અદાલત વગેરેને તકરારોનો ન્યાયનિર્ણય કરવા માટે રેફરન્સ કરવાની જોગવાઈ કરવામાં આવી છે તે તેમાં પણ સમુચીત સરકારે ન્યાયપંચ કે મજુર અદાલતને તકરારનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ કલમ ૧૦ માં જે શબ્દ વાપરવામાં આવ્યા છે તે શબ્દ કલમ ૨૫-ઓ (૫) માં વાપરવામાં આવ્યા છે. આ સંજોગોમાં કલમ ૨૫-ઓ (૫) ની જોગવાઈઓ પ્રમાણે મજુર કમીશનરે તેમની સમક્ષ જે જે બાબત હતી તે બાબત ન્યાયનિર્ણય માટે ટ્રીબ્યુનલને મોકલી આપવાની હોય છે. જે બાબતનો ન્યાયનિર્ણય ન્યાયપંચે કરવાનો હોય છે તે તેનું ઓરીજીનલ જ્યુરીડીકશન છે નહી કે એપેલેટ અથવા રીવીઝન ઉપરોકત સંજોગોમાં પ્રથમ પક્ષકાર કંપનીના વિદ્વાન વકીલ શ્રી શાહની દલીલ કે કલમ ૨૫-ઓ (૫) ની જોગવાઈ પ્રમાણે ટ્રીબ્યુનલથી જે બાબતનો ન્યાયનિર્ણય કરવાનો છે તે નિર્ણય કરવાનું તેનું ઓરીજીનલ જ્યુરીડીકશન નથી પરંતુ એપેલેટ અથવા રીવીઝનલ જ્યુરીડીકશન છે તેમાં ખાસ તથ્ય નથી.

૧૫. વધુમાં અગાઉ જણાવ્યા પ્રમાણે કલમ ૨૫-ઓ (૫)ની જોગવાઈઓ જોતાં એમ જણાય છે કે, તેમાં ન્યાયપંચને કોઈ એપેલેટ કે રીવીઝનલ જ્યુરીડીકશનની સત્તા નથી પરંતુ તેનું ઓરીજીનલ જ્યુરીડીકશન છે. જો ન્યાયપંચને આ એપેલેટ કે રીવીઝનલ જ્યુરીડીકશન હોય તો તેવા કીસ્સામાં સામાન્ય રીતે અપીલમાં અપીલ અને રવીઝનમાં તેવી અરજી અજદારે ન્યાયપંચ સમક્ષ સીધી દાખલ કરવી પડે પરંતુ કલમ ૨૫-ઓ (૫) માં આવી કોઈ જોગવાઈ નથી પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે કલમ ૨૫-ઓ (૫) માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જો કોઈપણ પક્ષકાર મજુર કમીશનરને અરજી કરે તો મજુર કમીશનરે તે બાબત ન્યાયનિર્ણય માટે ન્યાયપંચને મોકલવાની હોય છે. પક્ષકારોએ કલમ ૨૫-ઓ (૫) હેઠળ સીધી કોઈ અરજી ન્યાયપંચને કરવાની હોતી નથી પરંતુ મજુર કમીશનરે હુકમ કર્યા પછી પક્ષકારો તે હુકમ વિરૂધ્ધ અરજી આવ્યેથી તે બાબત ન્યાયનિર્ણય કરવા માટે મજુર કમીશનરે ન્યાયપંચને મોકલવાની હોય છે. આમ કલમ ૨૫-ઓ (૫) ની ઉપરની જોગવાઈથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેમાં ન્યાયપંચને ઓરીજીનલ જ્યુરીડીકશન છે નહી કે એપેલેટ અથવા રીવીઝનલ. આ સંજોગોમાં આ કામે પક્ષકારોને મૌખિક પુરાવો રજુ કરવા માટે તથા દસ્તાવેજો રજુ કરવા માટે જે તક તથા પરવાનગી આપવામાં આવી છે તે વ્યાજબી અને યોગ્ય છે ઉપરની હકીકત હોવાથી પ્રથમ પક્ષકાર કંપનીના વિધ્વાન વકીલ શ્રી શાહની ઉપરની દલીલમાં કોઈ તથ્ય ન હોવાથી તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ન્યાયપંચે આ કામમાં જે કાર્યવહી કરી છે તે મારા અભિપ્રાય મુજબ વ્યાજબી ન્યાયી અને કાયદેસરની છે.

INDEX

૧૬. હવે અગાઉ જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર કંપની ઈલેકટ્રીક મોટર અને મોનોબ્લોક પંપ બનાવે છે. અને તેઓએ તેમનું કામ સને ૧૯૬૨ના અરસામાં શરૂ કરેલ અને ત્યારબાદ આ કંપનીની પ્રગતિ ઉત્તરોત્તર સારી હતી પરંતુ કંપનીના કહેવા મુજબ સને ૧૯૮૨ થી તેઓની કંપની બે એક વરસ સિવાય સતત ખોટ કરી છે. અને તેથી અમદાવાદ મજૂર કમિશનર સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ હેઠળ અરજી આપી તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી માગેલ જે પરવાનગી અગાઉ જણાવ્યા પ્રમાણે મજૂર કમિશનરે કેટલીક શરતો આધીન રહીને આપેલી. ત્યારબાદ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ (૫) હેઠળ અમદાવાદના મજૂર કમિશનરે ઉપરની બાબતનો ન્યાયનિર્ણય કરવા માટે આ ટ્રીબ્યુનલને મોકલેલ છે. આથી આ રેફરન્સમાં કમિશનરે અરજદાર કંપનીને કારખાનું બંધ કરવા માટે જે પરવાનગી આપી છે તે પરવાનગી વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની છે કે કેમ? તે તપાસવાનું રહેશે.

૧૭. હવે ઉપરના મુદ્દાની ચર્ચા કરીએ તે પહેલા પક્ષકરોના વિદ્વાન વકીલોએ મારી સમક્ષ આ કામે કેટલાક ચુકાદાઓ રજુ કર્યા છે તેની પણ આપણે ચર્ચા કરીએ. જેથી કાયદાનો પ્રશ્ન શું પ્રસ્થાપિત થયેલ છે તે ધ્યાનમાં રહે. કલમ ૨૫-ઓની જોગવાઈઓ મે અગાઉ જણાવી છે અને તેથી ફરીથી હું દોહરાવતો નથી.

૧૮. હવે ભારતના બંધારણના આર્ટીકલ ૧૯(૧)(જી) માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, કોઈપણ વ્યકિતને કોઈપણ ધંધો કરવાનો હક્ક છે. બંધારણના આર્ટીકલ ૧૯(૬)ની જોગવાઈઓ પ્રમાણે સરકારશ્રીને જાહેર હીતમાં કાયદા દ્વારા નિયંત્રણ મૂકી આ ધંધો કરવાના હક્કમાં વ્યાજબી નિયંત્રણ મુકી શકે છે. એકસેલવેર વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, એ.આઈ. આર. ૧૯૮૮ સુપ્રીમ કોર્ટ પાના નં. ૨૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે, ભારતના બંધારણના આર્ટીકલ ૧૯(૧)(જી) હેઠળ કોઈપણ વ્યકિતને કોઈપણ ધંધો કરવાનો હક્ક છે અને તે મુજબ કોઈપણ વ્યકિતને તેમનો ધંધો બંધ કરવાનો પણ હક્ક છે. ધંધો બંધ કરવાનો હક્ક એ ધંધો કરવાના મુળભુત હક્કનો અંગભૂત ભાગ છે. પણ કોઈ હક્ક સંપુર્ણ નથી અને તેથી આ હક્ક સંપુર્ણ નથી. અને તેના ઉપર જાહેર હિતમાં કાયદા દ્વારા નિયંત્રણ મૂકી શકાય. પ્રથમ પક્ષકાર કંપનીના વિદ્વાન વકીલ શ્રી શાહે, ઈન્ડીયન હયુમ પાઈપ કું., વિ. તેના કામદારો, એ.આઈ.આર. ૧૯૬૮, પાના નં. ૧૦૦૨ તથા તાતા નગર ફાઉન્ડ્રી વિ. તેના કામદારો એ.આઈ.આર. ૧૯૭૦ સુપ્રીમ કોર્ટ પાના નં. ૧૯૬૦ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તેમાં એવુ ઠરાવેલ છે કે ન્યાયપંચે ધંધો બંધ કરવાના હેતુમાં ઉતરવાની જરૂરત નથી અને ધંધો બંધ કરવાનો હેતું શું છે તેનો ધંધો બંધ કરવા સાથે સાથે કોઈ સંબંધ નથી. જો કે આ બન્ને ચુકાદાઓ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એફ એફ એફ હેઠળ આપવામાં આવેલ છે. આ ચુકાદાઓ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓની જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલ નથી. કલમ ૨૫ એફ એફ એફ અને કલમ ૨૫-ઓની જોગવાઈઓ ઘણી ભીન્ન છે. શ્રી શાહે, પી. એસ. મીલ. કું. લી. વિ. પી.એસ.મીલ્સ મજદુર યુનિયનનો ચુકાદો એ.આઈ.આર. ૧૯૫૭, સુપ્રીમ કોર્ટ પાના નં. ૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેના ઉપર આધાર રાખેલ છે. મજકુર ચુકાદામાં એવું ઠરાવવામાં આવ્યુ છે કે, જો કોઈપણ માલીકને ધંધો બંધ કરવામાં શુધ્ધ બુધ્ધિ હોય તો તેવા કીસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ હેઠળ રેફરન્સ થઈ શકે નહી. આ ચુકાદો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ હેઠળ આપવામાં આવેલ છે. આ ચુકાદો આવ્યો ત્યારે ઔદ્યોગિક વિવાદ ધારાની કાલમ ૨૫ ઓ ની જોગવાઈઓ અમમાં નહોતી. પ્રથમા પક્ષકાર કંપનીના વિદ્વાન

INDEX

વકીલ શ્રી શાહે, હઠીસીંગ મેન્યુ. કું. વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, એ.આઈ.આર. સુપ્રીમ કોર્ટ પાના નં. ૯૨૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે. મજકુર ચુકાદો પણ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓફઓફએફ હેઠળનો છે. અને તેમાં કલમ ૨૫ એફ એફઓફની જોગવાઈઓ વ્યાજબી અને કાયદેસરની તેવું ઠરાવવામાં આવ્યુ છે. આ ચુકાદો કલમ ૨૫ ઓ ની જોગવાઈ હેઠળનો નથી. શ્રી શાહે કાર્લીંગા ટયુબ્સ લી. વિ. તેના કામદારો, એ. આઈ.આર. ૧૯૬૯ સુપ્રીમ કોર્ટના પાના નંબર ૯૦ ઉપરના ચુકાદા ઉપર આધાર રાખેલ છે અને આ ચુકાદો પણ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફઓફએફ ની જોગ-વાઈઓ હેઠળ આપવામાં આવેલ છે. તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે નાણાકીય, આર્થીક તથા બીજા સંજોગોને કારણે ધંધો બંધ કરવા પુરતી મર્યાદીત નથી પરંતુ બીજા કોઈપણ કારણોસર સર ધંધો બંધ કર્યો હોય તો એ કારણ પણ ન્યાય પંચે તપાસવુ જરૂરી છે. અને ત્યાર-બાદ તે અંગેનો નિર્ણય આપવો જોઈએ. આ ચુકાદો પણ અગાઉ જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફએફએફની જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલ છે. શ્રી શાહે મીનાક્ષી મીલના કામદારો વિરૂધ્ધ મીનાક્ષી મીલ્સ, ૯૨(૩) સર્વીસ એન્ડ લેબર લો. સુપ્રીમ કોર્ટ પાના નં. ૪૪૭ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એન હેઠળ આપવામાં આવેલ છે. અને તેમાં કલમ ૨૫ એન ની જોગવાઈઓ કાયદેસરની છે તેવુ ઠરાવવામાં આવેલ છે.

એસોસીએટસ સીમેન્ટ કું. લી. અને બીજાઓ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ ૨૯(૨) જીએલઆર પાના નં. ૧૨૯૫ના ચુકાદામાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે જો સંસ્થા ખોટ કર્યા સિવાય ચાલી શકે તેમ ન હોય તો સંસ્થા બંધ કરવા માટેના કારણો ખરા અને પુરતા છે તેવુ પ્રથમ દર્શનિય માનવુ જોઈએ. કારખાનુ કેવી રીતે ચલાવવું એ સલાહ આપવાનુ કામ સરકારનું નથી. સંસ્થા બંધ થવાને કારણે કામદારો છુટા થશે તે એકલુ જ કારણ કલમ ૨૫ ઓ ની જોગવાઈઓ હેઠળ તપાસી શકાય નહી.

૧૯. બીજા પક્ષકાર યુનિયનના વિધ્વાન વકીલ શ્રી શાહનીએ ગુરમેશસીંગ અને બીજાઓ વિ. પંજાબ રાજય, અને બીજાઓ ૧૯૯૧, ૨-એલએલજે સુપ્રીમ કોર્ટ પાના નં. ૭૬ ઉપર પ્રસિધ્ધ થયેલા ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચૂકાદો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફએફએફ હેઠળ આપવામાં આવેલ છે. મજકુર ચૂકાદામાં પંજાબ રાજયના સિચાઈ વિભાગે કેટલાક ટયુબ વેલ્સ, કોર્પોરેશનને તબદીલ કરેલા જે કર્મચારીઓ આ ટયુબવેલ ઉપર કામ કરતા હતાં તેઓના શું હક્કો છે તે અંગે ચુકાદામાં નિર્ણય કરવામાં આવેલ. તેમાં એવુ ઠરાવવામાં આવેલ છે કે, જે ટયુબવેલો તબદીલ કરવામાં આવ્યા છે તે વહેવાર બેનામી અને ફીકસેસ હોય તો તે કીસ્સામાં કલમ ૨૫ એફએફએફ ની જોગવાઈઓ લાગુ પડતી નથી. શ્રી શાહનીએ આ ચુકાદા ઉપર આધાર રાખી અને એવુ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે, ન્યાયપંચે આવા વહેવારોમાં, વહેવારની અંદર શું સ્થિતી છે તે જાણવા માટે પડદો ઉપાડી અને ખરેખર શું વહેવારો છે તે તપાસવા જરૂરી છે. શ્રી શાહનીએ મીસેલીનીયસ મજકુર સભા વિ. ગુજરાત રાજય અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદો જે ૧૯૯૩, ૧ એલએલજે ગુજરાત હાઈકોર્ટ પાના નં. ૬૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફએફ એફ અને ૨૫ એફ-એફએફ હેઠળ આપવામાં આવેલ છે. મજકુર ચુકાદામાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે જો કોઈપણ સંસ્થા બધા કામદારોને છુટા કરે તો તેવા કીસ્સામાં સંસ્થાએ તેમનો ધંધો બંધ

કર્યો છે તેવું માની શકાય અને જો આવા કીસ્સામાં સંસ્થાએ કામદારોને જે છુટા કર્યા છે તે ગેરવ્યાજબી અને ગેરકાયદેસર ગણાય.

શ્રી સહાનીએ એસ. જી. કેમીકલ્સ એમ્પ્લોઈઝ યુનિયન અને એસ. જી. કેમીકલ્સ, નો ચુકાદો જે સુપ્રી. લેબર જજમેન્ટસ-૧૯૮૪-૮૭ પાના નં. ૭૫૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. અને જે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ હેઠળ આપવામાં આવેલ છે અને તેમાં એવુ ઠરાવવામાં આવેલ છે કે જો સંસ્થાએ કલમ ૨૫ જીની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી સંસ્થા બંધ કરી હોય તો તેવા કીસ્સામાં સંસ્થાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ગણાય અને તે અનફેર લેબર પ્રેકટીસ ગણાય અને કામદારો ચૂકાદાની તારીખ સુધી પાછા પડેલા દિવસોના પગારની રકમ મેળવવા માટે હક્કદાર છે. શ્રી સહાનીએ એસોસીએટ રબ્બર ઈન્ડસ્ટ્રીઝના કામદારો વિ. એસોસીએટસ રબ્બર ઈન્ડસ્ટ્રીઝ, એસ.સી.એલ.જે. ૮૪-૮૭ પાના નં. ૬૬૭ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદો બોનસને લગતો છે. તેમાં મુખ્ય કંપનીએ નવી કંપની ઉભી કરેલ અને આ નવી કંપની ઉભી કરવાનું કારણ જે મુખ્ય કંપની નો ગ્રોસ નફો હતો તે ઓછો કરવાનું હતું અને આથી નામદાર સુપ્રીમ કોર્ટે નવી કંપનીનો જે નફો હતો તે પ્રીન્સીપાલ કંપનીમાં ઉમેરી અને બોનસની રકમ ગણવા માટે હુકમ કરેલો

૨૦. હવે ઔદ્યોગિક વિવાદ ધારાની ઉપરની જોગવાઈઓ તથા ઉપરના ચુકાદામાં જે સિધ્ધાંતો નક્કી કર્યા છે તે સિધ્ધાંતો લક્ષમાં રાખીને મારા રુબરુ રેફરન્સની હકીકતો તપાસીએ.

૨૧. હવે આગાઉ જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર કંપનીએ સને ૧૯૬૨ ના સાલથી ઈલેકટ્રીક મોટર અને મોનોબ્લોક પંપનું ઉત્પાદન શરુ કરેલ. ત્યારબાદ આ કંપનીના પ્રગતિ ઉત્તરોત્તર વધતી ગયેલી. હવે કંપનીના કહેવા મુજબ સને ૧૯૮૨ની સાલથી કંપનીએ ઉત્તરોત્તર બે વરસ સિવાય ખોટ કરતી હતી. અને આ ખોટો એટલી બધી વધતી ગઈ છે કે, તેઓ હવે ઉત્પાદન ચાલુ રાખી શકે તેમ નથી અને તેથી કારખાનુ બંધ કરવા માટેની પરવાનગી માંગેલ છે. હવે સને ૧૯૮૨થી પ્રથમ પક્ષકાર કંપનીએ ઉત્તરોત્તર ખોટ કરી છે અને સિવાય કે વચ્ચેના બે વરસમાં નફો કરેલો. તે બતાવવા આ કામમાં કંપનીએ તેમના બેલેન્સ શીટ વગેરે રજુ કરેલ છે. કંપનીએ તેમના હિસાબી ચોપડા આ કામે રજુ કરેલ નથી પરંતુ કંપનીના વિધ્વાન વકીલ શ્રી શાહે હિસાબી ચોપડા જો બીજા પક્ષકાર યુનિયનને તપાસવા હોય તો તે તપાસવા માટે ગમે ત્યારે રજુ કરવા માટે ખુશી બતાવી તથા જો બીજા પક્ષકાર યુનિયન કે ન્યાયપંચ આ ચોપડા તપાસવા હોય તો તે તપાસવા માટે ખુશી દર્શાવેલ. પરંતુ બીજા પક્ષકાર યુનિયને આ ચોપડા જોવા માટે કે તપાસવા માટે કોઈ રજુઆત કરેલ નહી. તેમજ તેઓએ આ હિસાબના ચોપડાઓ રજુ કરવા માટે કંપનીને જણાવેલ નથી. ટુંકમાં પ્રથમ પક્ષકાર કંપનીએ આ કામમાં જે બેલેન્સ શીટ વગેરે રજુ કર્યા છે તેને બીજા પક્ષકાર યુનિયને પડકારેલ નથી. એટલું જ નહી પરંતુ પુરાવામાં એવી હકીકત નીકળે છે કે, કેટલીક બાબતમાં બીજા પક્ષકાર યુનિયને આ બેલેન્સ શીટ ઉપર આધાર રાખેલ છે. આ બેલેન્સ શીટ પ્રથમ પક્ષકાર કંપનીએ તેમના સાહેબ શ્રી ગુલાબદાસ અંબાલાલ, આંક ૧૧ કે જેઓ ફેકટરી મેનેજર હતાં તથા અગાઉ તેઓ એકાઉન્ટસ ઓફીસર હતાં તેમના થકી પુરવાર કરેલ છે. વધુમાં સાહેદ ગુલાબદાસ આંક ૧૧ તથા કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી આનંદભાઈ નરસીભાઈની જબાનીમાંથી એ હકીકત નીકળે છે કે સને ૧૯૮૨ થી કંપની ઉત્તરોત્તર ખોટ કરે છે સિવાય કે બે એક વરસ કંપનીને નફો થયેલ. કંપનીને સને ૧૯૮૨

INDEX

થી ઉત્તરોત્તર ખોટ થયેલ છે. જે બતાવવા માટે કંપનીએ આંક ૧૩ થી સ્ટેટમેન્ટ રજૂ કર્યા છે. આ સ્ટેટમેન્ટ કંપનીએ તેમના બેલેન્સ શીટ આંક ૧૯ થી રજુ કર્યા છે તેના આધારે બનાવેલ છે કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી અપ્પાજી અમીન એન્ડ કું. એ પણ નફા નુકશાન નું સર્ટીફીકેટ આપેલ છે જે આ કામમાં આંક ૨૮થી રજુ છે. ઉપરના તમામ દસ્તાવેજો લક્ષમાં લેતાં સને ૧૯૮૨થી સને ૧૯૯૨-૯૩ ના સુધી કંપનીની નીચે પ્રમાણે ખોટ તથા નુકશાન થયેલ.

વરસ		વેચાણ	નફો	નુકશાન
૧૯૮૨	...	૯૮,૭૦,૫૭૦-	...	૮,૭૮,૨૩૯-
૧૯૮૩	...	૯૩,૧૧,૮૪૭-	...	૩,૭૯,૫૩૬-
૧૯૮૪	...	૮૩,૦૭,૦૨૫-	...	૨,૫૩,૪૨૪-
૧૯૮૫	...	૯૮,૨૨,૪૭૦-	૧,૮૨,૯૭૭-	...
૧૯૮૬	...	૧,૨૦,૦૮,૫૬૯-	૨,૪૯,૦૮૨-	...
૧૯૮૭	...	૧,૨૨,૭૦,૩૦૫-	...	૮૩,૨૪૨-
૧૯૮૮-૮૯ (૧૫માસ)	...	૨,૦૬,૭૨૮,૪૪૬-	...	૫,૭૨,૧૬૦-
૧૯૮૯-૯૦	...	૨,૫૧,૨૮,૫૨૨-	...	૨૦,૬૭,૫૨૦-
૧૯૯૦-૯૧	...	૨,૪૮,૮૧,૭૮૨-	...	૪,૬૪,૦૯૫-
૧૯૯૧-૯૨	...	૨,૯૩,૯૦,૪૬૧-	...	૨૪,૩૧,૮૫૨-

આમ ઉપર જે પુરાવો પડયો છે તે જોતાં એ સ્પષ્ટ થાય છે કે, સને ૧૯૮૨ થી સને ૧૯૮૪ સુધી કંપનીને સતત ખોટ થયેલ અંને સને ૧૯૮૫ અને ૧૯૮૬ના વરસમાં કંપનીએ ઉપર જણાવ્યા પ્રમાણે નફો કરેલ અને ત્યારબાદ સને ૧૯૮૭થી કંપનીએ સતત ખોટ કરી છે. અને આ ખોટમાં વધારો થયેલ છે. આમ કંપની સતત ખોટ કરતી જાય છે. પુરાવામાં એ હકીકત નીકળે છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે કેશ ક્રેડીટ ફેસીલીટી લીધિલ અને આ અંગેનો કરાર આંક ૪૦ થી રજુ કરવામાં આવ્યો છે તે જોવાથી એ હકીકત માલુમ પડે છે કે, કંપનીએ બીજી ફેસીલીટી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી લીધેલી. કંપનીના

INDEX

સાહેદ ગુલાબદાસ આંક ૧૧ તથા સાહેદ આનંદભાઈ આંક-૪૮ની જુબાનીમાંથી એ હકીકત નીકળે છે કે, સને ૧૯૭૯ના અરસામાં ઈન્ગરસોલ રેન્ક ઈન્ડીયા લી. એ તેમની કંપનીને સેન્ટ્રોફ્યુગલ પંપ બનાવવાનો ઓર્ડર આપેલ અને તેઓએ શરૂઆતમાં ૨,૪૦૦ પંપ બનાવી અને ડીલીવરી આપવાની હતી અને ત્યારબાદ બીજા ૧૦,૦૦૦ ઓર્ડર પાછળથી આપશે તેમ જણાવેલ અને આથી તેઓએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી લોન લીધેલ. અને ત્યારબાદ ઉપરોકત કંપનીએ કંપનીને બીજો ઓર્ડર આપેલ નહીં અને તેથી તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતાં અને બેન્ક લોન તથા વ્યાજ ભરી શકેલ નહીં અને બેન્કની આશરે રૂા. ૫૨,૯૮,૦૦૦ ની જે રકમ છે તેનો બેન્કે દાવો કરેલ છે અને હાલમાં વ્યાજ સહિત આ રકમ રૂા. ૧ કરોડ થવા જાય છે. આમ કંપનીએ બેન્ક પાસે જે ઉપરની લોન લીધી છે. અને તે માટે બેન્કે દાવો પણ કરેલ છે અને હાલમાં આ રકમ રૂા. ૧ કરોડ જેટલી થાય છે.

૨૨. પુરાવામાં એ હકીકત પણ નીકળે છે કે બીજા પક્ષકાર યુનિયન તરફથી કામદારો માટે તેમના પગાર વધારા વગેરે માટે રેફરન્સ પણ કરવામાં આવેલ છે. અને રેફરન્સ નં. ૨૨૬/૮૪ માં કામદારોના વેતન વગેરે વધારો કરવામાં આવેલ છે અને આથી પણ કંપનીના ઉપર આર્થિક બોજો વધેલ છે. બીજા પક્ષકાર યુનિયને કામદારોના પગાર વગેરે વધારવા માટે એક રેફરન્સ નં. ૨૫૨/૮૧ નો પણ કરેલ છે અને તેમાં મજુર અદાલતે વચગાળાની રાહત પણ આપેલ છે. આ રેફરન્સ હજી ચાલુ છે.

૨૩. ઉપરની ચર્ચાથી એ સ્પષ્ટ થાય છે કે, કંપની ઉત્તરોત્તર ઘણી ખોટ કરતી જાય છે. કંપની ઉપર પણ ઘણું દેવુ છે અને બેન્કનું દેવુ જે રૂા. ૧ કરોડ જેવું છે. મજુર અદાલતે કામદારોના પગાર વધારા વગેરે માટે હુકમ પણ કરેલ છે. જે કંપનીએ ચુકવી આપેલ છે. આ કંપનીની આર્થિક સ્થિતિ એટલી બધી ખરાબ છે કે, મારા મંતવ્ય મુજબ તેઓ તેમની સંસ્થા ચલાવી શકે તેમ નથી.

૨૪. જો કે બીજા પક્ષકાર યુનિયને એવું બતાવવાનો પ્રયત્ન કરેલ છે કે પ્રથમ પક્ષકાર કંપની સને ૧૯૮૮-૮૯થી તેમનો માલ તેમની ભગીની સંસ્થા ઈનિટને વેચી નફો ઘરે લઈ જાય છે અને ઈનિટ પ્રા. લી. નો જે નફો થાય છે તે નફો પ્રથમ પક્ષકાર કંપની ઘરે લઈ જાય છે. હવે પુરાવામાં એ હકીકત નીકળે છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ સને ૧૯૮૯માં સેલ્સટેક્ષ કાયદામાં ફેરફાર થવાને કારણે એ પ્રમાણે કર્યુ છે તેમના કહેવા મુજબ સેલ્સટેક્ષ કાયદામાં ટેક્ષ ઓકટ્રોઈ વગેરે બચાવવા ખાતર તેઓએ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૯થી ઉપર પ્રમાણે વ્યવસ્થા કરી ને અને ઈનિટને તે મુજબ માલ વેચી પ્રથમ પક્ષકાર કંપનીએ આશરે રૂા. ૧૬,૪૩,૭૬૭નો બચાવ કર્યો છે. હવે પ્રથમ પક્ષકાર કંપનીએ આ કામમાં ઈનિટને બેલેન્સ શીટ વગેરે રજુ કર્યા છે. એ હકીકત નિર્વિવાદ છે કે યુનિટ પ્રા. લી. એ પ્રથમ પક્ષકાર કંપનીની ભગીની સંસ્થા છે અને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૯થી સેલ્સટેક્ષ કાયદામાં કેટલાક સુધારા વધારા થયેલ છે જે અંગેની નોટીફીકેશન આ કામમાં આંક-૩૮૪થી રજુ કરવામાં આવેલ છે. તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૯થી પ્રથમ પક્ષકાર કંપનીએ તેમનો કેટલોક માલ ઈનિટ પ્રા. લી. ને વેચેલ, પ્રથમ પક્ષકાર કંપનીએ આ પ્રમાણે કરવાથી સેલ્સટેક્ષ, ઓકટ્રોઈ વગેરેમાં કેટલોક બચાવ કરેલો. આ અંગેના સ્ટેટમેન્ટ આંક-૧૪થી રજુ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર કંપનીના સોલીસીટર પણ આ અંગેનું સર્ટીફિકેટ આપેલ છે જે આંક-૨૫થી રજુ કરવામાં

INDEX

આવેલ છે. ઉપરના દસ્તાવેજો જોવાથી એ હકીકત માલુમ પડે છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ ઉપરની વ્યવસ્થા કરવાને કારણે તેમને રૂા. ૧૬,૪૩,૩૬૭નો ફાયદો થયેલ છે. આમ પ્રથમ પક્ષકાર કંપનીઓ સેલ્સટેક્ષ કાયદામાં સુધારો થવાને કારણે જે ઉપરની વ્યવસ્થા કરેલ છે તેના કારણે તેમને આશરે રૂા. ૧૬,૪૩,૩૬૭નો ફાયદો થયેલ છે. પ્રથમ પક્ષકાર કંપનીઓ આ નફો પોતાના ઘરે લઈ ગયેલ નથી. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર કંપનીએ ઈનિટ પ્રા. લી. ને જે માલ વેચ્યો છે તે કારણે પ્રથમ પક્ષકાર કંપનીને કોઈ નુકશાન થયું નથી. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે ફાયદો થયો છે. આ સંજોગોમાં બીજા પક્ષકાર યુનિયનની તકરાર કે પ્રથમ પક્ષકાર કંપનીએ તેમની ભગીની સંસ્થા ઈનિટ પ્રા. લી. ને ઉપર જણાવ્યા પ્રમાણે માલ વેચી અને નફો ઘરે લઈ ગયા છે તે માની શકાય તેમ નથી.

૨૫. બીજા પક્ષકાર યુનિયને એવું પણ બતાવવાનો પ્રયત્ન કરેલ છે કે પ્રથમ પક્ષકાર કંપનીનું વેચાણ ઉત્તરોત્તર વધતું ગયું છે અને આથી પ્રથમ પક્ષકાર કંપનીને ખોટ જાય છે એ હકીકત માનવા લાયક નથી. પ્રથમ પક્ષકાર કંપનીને તેમને ઉત્તરોત્તર ખોટ જાય છે. તે હકીકત ઉપજાવી કાઢેલ છે. હવે એ હકીકત સાચી છે કે, પ્રથમ પક્ષકાર કંપનીના બેલેન્સ શીટ તથા અન્ય દસ્તાવેજો જોતાં એ હકીકત માલુમ પડે છે કે, પ્રથમ પક્ષકાર કંપનીના વેચાણ ઉત્તરોત્તર વધતા રહ્યા છે માત્ર કંપનીના વેચાણ ઉત્તરોત્તર વધતા રહ્યા ગયા છે તેના કારણે કંપનીની ખોટ ન જાય તેમ કહી શકાય નહીં. આ સંજોગોમાં કંપનીના વેચાણ ઉત્તરોત્તર વધતા ગયા છે અને તેથી કંપનીને ઉત્તરોત્તર ખોટ પણ ન જાય તેવી જે દલીલ કરવામાં આવી છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૨૬. બીજા પક્ષકાર યુનિયને બેલેન્સ શીટમાંથી એવું પણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે, કંપનીએ તેમની મીલ્કતમાં વધારો કર્યો છે. તેઓએ એવું પણ બતાવવા પ્રયત્ન કર્યો છે કે કંપનીએ કેટલીક લકઝરીયસ આઈટમો ખરીદેલ છે આથી તેમના કહેવા મુજબ જો કંપનીને ખોટ જતી હોય તો તે એસેટસમાં વધારો કરે નહીં. અને લકઝરીયસ આઈટમ ખરીદે નહીં. હવે એ વાત સાચી છે કે, સને ૧૯૮૨થી કંપનીની એસેટસમાં કોઈક વધારો થયો છે. કંપનીએ એકાદ વરસમાં મોટરકાર પણ ખરીદેલ છે. નવી ટેલીફોન સીસ્ટમ વસાવી છે અને કોમ્પ્યુટર પણ વસાવ્યું છે. હવે કંપનીની એસેટસમાં માત્ર થોડો વધારો થાય તે કારણોસર કંપની ખોટ કરતી નથી તેમ કહી શકાય નહીં. અત્રે એ નોંધવું જરૂરી છે કે, કંપનીની મીલકતમાં જે વધારો થયો છે તે મશીનરી ખરીદી તથા કંપનીના મકાન બાંધવામાં ખર્ચ કરવામાં આવ્યો છે. આમ માત્ર ઉપરની મીલકતમાં વધારો થવાને કારણે કંપનીને ખોટ જતી નથી તેમ કહી શકાય નહીં. એ વાત પણ સાચી છે કે, સને ૧૯૮૮-૮૯ની સાલમાં કંપનીએ મોટરકાર ખરીદેલ છે પરંતુ આ બેલેન્સ શીટ જોવાથી એ હકીકત માલુમ પડે છે કે, કંપનીએ જુની મોટર વેચી અને નવી ખરીદેલ છે. વધુમાં કંપનીને નવી ટેલીફોન સીસ્ટમ અને કોમ્પ્યુટર વસાવ્યું છે પરંતુ હાલના જમાનામાં આ લકઝરીયસ આઈટમ ગણી શકાય નહીં. ઉપરની હકીકત હોવાથી યુનિયનની તકરાર કે કંપનીએ તેની મીલકતમાં વધારો કર્યો છે તથા લકઝરીયસ આઈટમ વસાવી છે, તે કારણોસર કંપનીને ખોટ ગઈ છે તેમ માની શકાય નહીં.

૨૭. બીજા પક્ષકાર યુનિયને એવું પણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે, તેમનું કારખાનું બંધ કરીને ઉપરનો માલનું ઉત્પાદન કોન્ટ્રાકટ દ્વારા કામ આપી અને કરવા માગે છે. આ અંગે બીજા પક્ષકાર યુનિયને આંક-૪૯ થી આંક-૨૭૪ના વાઉચર ઉપર આધાર રાખેલ છે.

INDEX

તેમના કહેવા મુજબ પ્રથમ પક્ષકાર કંપનીએ અગાઉ કેટલાક દાગીનાઓ કોન્ટ્રાકટ આપી બનાવેલ છે અને તેથી તે ઉપરથી અનુમાન કરી શકાય કે કંપની તેમની ફેકટરી બંધ કરીને તેમના માલનું ઉત્પાદન કોન્ટ્રાકટ આપી ચલાવવા માગે છે. હવે એ વાત સાચી છે કે, કંપનીએ સને ૧૯૮૮થી કેટલાક દાગીનાઓ કોન્ટ્રાકટ આપી તૈયાર કરાવતી હતી. આ હકીકત આંક-૪૯ થી આંક-૨૭૪ના જે વાઉચર રજુ કરેલ છે. તે ઉપરથી ફલિત થાય છે. હવે અગાઉ કંપની કેટલાક દાગીનાઓ બહાર કોન્ટ્રાકટ આપી તૈયાર કરાવતી હતી. અથવા મજૂરીથી તૈયાર કરાવતી હતી. તે ઉપરથી એમ અનુમાન ન કરી શકાય કે પ્રથમ પક્ષકાર કંપની તેમનું કારખાનું બંધ કરીને તેમનો માલ કોન્ટ્રાકટ આપી ઉત્પાદન કરવા માગે છે. ઉપરની હકીકત હોવાથી યુનિયનને આ તકરારમાં પણ ખાસ કોઈ વજુદ ન હોવાથી ચાલી શકે તેમ નથી.

૨૮. અગાઉ જણાવ્યા પ્રમાણે કંપની સતત ખોટ કરે છે. તેમને બેન્કનું દેવું રૂા. ૧ કરોડ ઉપરાંત થઈ ગયેલ છે. આમ કંપનીના આર્થિક સંજોગો એવા છે કે જે હવે ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખી શકે તેમ નથી. આથી કંપનીએ તેમનું કારખાનુ બંધ કરવા માટે જે કારણો આપ્યા છે તે ખરા અને પુરતા છે. આથી પ્રથમ પક્ષકાર કંપનીએ એ પુરવાર કર્યુ છે કે, તેઓએ તેમનું કારખાનુ બંધ કરવા માટે જે કારણો જણાવ્યા છે તે ખરા અને પુરતા છે. આ સંજોગોમાં કંપનીએ તેમનુ કારખાનુ બંધ કરવા માટે પરવાનગી આપવી જોઈએ.

૨૯. કંપનીના વિદ્વાન વકીલ શ્રી શાહની દલીલ એવી છે કે, મજૂર કમીશનરે કારખાનું બંધ કરવા માટે જે પરવાનગી આપી છે તેમાં વળતર ચુકવવા માટે જે પૂર્વ શરત મુકવામાં આવી છે તે શરત ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે. તેમના કહેવા મુજબ આવી શરત મુકવાનુ તેમને અથવા ટ્રીબ્યુનલને કોઈ અધિકાર કે સત્તા નથી તેઓની વધુમાં દલીલ એવી છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ (૮) હેઠળ આવી પૂર્વ શરત મુકવાની કોઈ જોગવાઈ નથી આથી મજૂર કમિશનરે પણ ટ્રીબ્યુનલ આવી શરત મુકી શકે નહીં, આથી તેમના કહેવા મુંજબ મજૂર કમિશનરે કે વળતર ચુકવવા બાબતની પૂર્વ શરત મુકી છે તે ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે બીજા પક્ષકાર યુનિયનના વિદ્વાન વકીલ શ્રી શહાણીની દલીલ એવી છે. કે, આ પૂર્વ શરત એ વ્યાજબી અને કાયદેસરની છે. આથી પૂર્વ શરત મુકવાની મજૂર કમીશનર કે ટ્રીબ્યુનલને સત્તા છે, આથી તેમના કહેવા મુજબ મજૂર કમીશનરનો આ હુકમ ગેરવ્યાજબી અને ગેરકાયદેસર નથી.

૩૦. હવે મજૂર કમીશનરના છેવટના હુકમના મજકુરને અગાઉ જણાવ્યું છે તેથી હું ફરીથી દોહરાવતો નથી મજૂર કમીશનરે તેમના તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩ના રોજના હુકમથી કંપનીને તેમનુ કારખાનુ બંધ કરવા માટે પરવાનગી આપેલ અને એવો આદેશ આપેલ કે પ્રથમ પક્ષકાર કંપનીએ કલમ ૨૫-ઓ ની પેટા કલમ (૮) હેઠળ જણાવેલ કે સંસ્થાએ કામદારોને ચુકવવાના વળતર કારખાના બંધીની તારીખથી એટલે કે તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ પહેલાં ચુકવવાનું રહેશે અને તે શરતે કારખાનુ બંધીની મંજુરી આપવામાં આવી છે, આમ કંપનીએ તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ પહેલા કલમ ૨૫-ઓ (૮) હેઠળ જણાવેલ વળતર કામદારોનું ચુકવવાનું હતું અને તે શરતે કંપનીએ તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવામાં આવેલ કલમ-૨૫-ઓ (૮) ની જોગવાઈ પણ મે અગાઉ જણાવી છે. તેથી હું ફરીથી દોહરાવતો નથી. કલમ ૨૫-ઓ (૮) ની જોગવાઈ જોવાથી એ હકીકત માલુમ પડે છે કે, તેમાં જણાવેલ

INDEX

કામદારોને કામે રાખેલ હોય તે દરેક કામદારો સદર પેટા કલમ ૨૫-ઓ (૮) માં જણાવેલ વળતર મેળવવા માટે હકદાર રહેશે આમ કલમ ૨૫-ઓ (૮) માં કારખાનું બંધ કરતી વખતે માલિકે કામદારને વળતર ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી છે કંપનીના વિદ્વાન વકીલ શ્રી શાહે ભારત બેન્ક લી. વિ. એમ્પ્લોઈઝ ઓફ ભારત બેન્ક, એ.આઈ.આર. ૧૯૫૦, સુપ્રિમ કોર્ટ પાના નં ૧૮૮ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમાં એવુ ઠરાવવામાં આવ્યું છે કે, ન્યાયપંચે એ ખરેખર કોર્ટ નથી, પરંતુ ન્યાયપંચે ક્વોઝી જ્યુડીશીયલ ફંકશન બજાવવાના હોય છે અને ન્યાયપંચને કાયદા હેઠળ સત્તા મળે છે અને આ સત્તા તેઓએ કાયદામાં જે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ બજાવવાની હોય છે શ્રી શાહે પંજાબ નેશનલ બેન્ક લી વિરૂધ્ધ શ્રી રામકુવર, એ આઈ આર ૧૯૫૭ સુપ્રિમ કોર્ટ પાના નં ૨૭૬ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે, તેમાં એ ઠરાવવામાં આવ્યુ છે કે, ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૧ (૭) હેઠળ યુનિયનના પ્રતિનિધિને મુસાફરી અને મુસાફરી ભથ્થું વગેરે માલિક ચૂકવી આપે તેવો હુકમ કરવાનો અધિકાર નથી શ્રી શાહે વધુમાં ન્યું માણેકચોક સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની વિરૂધ્ધ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ૧૯૬૧ સુપ્રિમ કોર્ટ પાના નં ૮૬૭ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે, ઔદ્યોગિક ન્યાયપંચે યોગ્ય કેસમાં નવો કરાર કરી શકે છે કરારમાં ફેરફાર કરી શકે છે પરંતુ તેનો અર્થ એવો નથી કે ન્યાયપંચ, ઔદ્યોગિક તકરારને લગતું મનમાં ફાવે તે કરી શકે છે ન્યાયપંચે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ ધ્યાનમાં રાખવી જોઈએ અને આ જોગવાઈ ઉપરવટ થઈ શકે નહીં. ઉપરના ચુકાદામાં જે સિધ્ધાંત નક્કી કરવામાં આવ્યા છે તે અંગે કોઈ તકરાર નથી.

૩૧. હવે અગાઉ જણાવ્યા પ્રમાણે મજૂર કમિશનરે પ્રથમ પક્ષકાર કંપનીને વળતર ચુકવવા અંગેની પૂર્વશરત આધીન રહીને તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપેલ. મજુર કમિશનર સમક્ષ જે અરજી કરવામાં આવી છે તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-ઓ હેઠળ કરવામાં આવેલ છે તેમાં સદર કલમમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર કંપનીએ કારખાનું બંધ કરવા માટે પરવાનગી માગેલ મજૂર કમિશનરે હુકમમાં જણાવેલ શરતોને આધીન રહીને પ્રથમ પક્ષકાર કંપનીનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપેલ. આમ મજૂર કમિશનરે કોઈપણ કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી કે ન આપવી તે નિર્ણય કરવાની હોય છે. જો કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી હોય તો તે અંગે શરતો પણ મૂકવાની તેમને અધિકાર છે. આ સંજોગોમાં મજૂર કમિશનર કે ન્યાયપંચે કારખાનું બંધ કરવા માટેની પરવાનગી આપતી વખતે કોઈ શરત લાદવાનો અધિકાર કે સત્તા નથી તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી નથી. ઉપરની હકીકત હોવાથી પ્રથમ પક્ષકાર કંપનીની તકરાર કે કમિશનર ન્યાયપંચને કલમ ૨૫-ઓ હેઠળની અરજીનો નિર્ણય કરતી વખતે કારખાનું બંધ કરવાની પરવાનગી આપતી વખતે કોઈપણ શરત લાદવાની હક્ક અધિકાર કે સત્તા નથી તેવું કહેવું વ્યાજબી ન્યાયી અને કાયદેસર નથી અને આથી કંપનીના વિદ્વાન વકીલની આ દલીલમાં ખાસ કોઈ તથ્ય ન હોવાથી તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૩૨. કંપનીના વિદ્વાન વકીલ શ્રી શાહે કારખાનું બંધ કરવાની પરાનગી આપતી વખતે વળતર ચુકવવાનો હુકમ થઈ શકે નહી તેવી દલીલના અનુસંધાનમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તેઓએ હટી મેન્યુ. અને બીજા યુનિયન ઓફ ઈન્ડીયા અને

બીજાઓ સને ૧૯૬૦ ૨-એલએલજે પાના નં. ૧ તથા એવીનસ સર્વીસીસ (પ્રોડકશન એજન્સી) પ્રા. લી. વિરૂધ્ધ અને બીજાઓ સન ૧૯૭૯ (૧) એલએલ જે પાના નં. ૧ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરના બન્ને ચુકાદાઓ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એફ અને ૨૫ એફએફએફની જોગવાઈઓ હેઠળના છે. કલમ ૨૫-એફની જોગવાઈઓ છટણી કરવી હોય તો તે વખતે શું કાર્યવાહી કરવી તે અંગેની આવી છે. કલમ ૨૫ એફ એફ એફની જોગવાઈઓમાં માલિકે કારખાનું બંધ કરવુ હોય તો ત્યારે વળતર આપવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જે કારખાનામાં ૧૦૦ કરતાં ઓછા કામદારો કામ કરતા હોય ત્યારે કલમ ૨૫ એફએફએફની જોગવાઈઓ લાગુ પડે છે હવે કલમ ૨૫-એફ કે જેમાં છટણી અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે તેમાં કામદારોને વળતર ચુકવવા અંગેની પૂર્વ શરત લાદવામાં આવી છે. જ્યારે કલમ ૨૫ એફએફએફમાં જ્યારે માલિક કારખાનું બંધ કરે ત્યારે કામદારને વળતર ચુકવવાનું હોય છે. અને તે વળતર કારખાનું બંધ કરતા અગાઉ ચુકવવુ જોઈએ. તેવી કોઈ પૂર્વ શરત લાદવામાં આવેલ નથી. આમ કલમ ૨૫ એફએફએફમાં કારખાનું બંધ કરતાં અગાઉ વળતર ચુકવવાની કોઈ પૂર્વ શરત નથી. અગાઉ જણાવ્યા પ્રમાણે ઉપર જણાવેલ બન્ને ચુકાદાઓ કલમ ૨૫ એફ અને ૨૫ એફએફએફની જોગવાઈઓ હેઠળનો છે. મારા રૂબરૂમાં રેફરન્સ કલમ ૨૫ ઓ હેઠળનો છે. અગાઉ જણાવ્યા પ્રમાણે તેમાં માલિકે કારખાનું બંધ કરતા અગાઉ સ્પેસીફાઈડ ઓથોરીટીની પરવાનગી માગવી જરૂરી છે અને તે મલ્યેથીજ તે તેમનું કારખાનું બંધ કરી શકે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે સ્પેસીફાઈડ ઓથોરીટીએ અને મજુર કમીશનરે કોઈપણ કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી કે ન આપવી તેનો નિર્ણય કરવાનો હોય છે. અને જો કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપવી હોય તો તે માટે શરતો પણ મુકવાનું તેમનો અધિકાર છે. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટના ઉપરના ચુકાદામાં જે હકીકતો છે તે હકીકતો મારા રૂબરૂના રેફરન્સમાં જે હકીકત છે તે કરતાં ઘણી ભીન્ન છે અને આથી ઉપર જણાવેલ બન્ને ચુકાદાઓ પ્રથમ પક્ષકાર કંપનીને ખાસ કોઈ રીતે ઉપાયોગી નથી.

૩૩. ઉપરથી ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે, પ્રથમ પક્ષકાર કંપનીના વિધ્વાન વકીલ શ્રી શાહની દલીલ કે મજુર કમીશનર કે આ ન્યાયપંચને કારખાનુ બંધ કરતી વખતે પરવાનગી આપતી વખતે કોઈ પુર્વ શરત લાદવાનો અધિકાર કે સત્તા નથી તેમાં ખાસ કોઈ વજુદ નથી અને તેથી તે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૩૪. વધુમાં બીજા પક્ષકાર યુનિયને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે. સી.એ.નં. ૧૪૧૯/૯૩ની દાખલ કરેલ તેમાં એવી દાદ માગેલ કે મજુર કમીશનર સમક્ષ તેઓએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ (૫) હેઠળ અરજી કરી છે તે અરજીની મજુર કમીશનર નિકાલ કરતાં નથી અને તેથી આ અરજીનો નિકાલ કરવા માટે હકમ ફરમાવ્યો. સદરહુ સ્પે. સીવીલ એમ્પ્લો. માં નામદાર હાઈકોર્ટે તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ હુકમ કરેલ જે આંક ૧૬ થી ૨૦ જુ કરવામાં આવેલ છે. મજકુર હુકમથી નામદાર હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, મજુર કમીશનરે તેમના હુકમથી તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ પહેલા છટણી વળતર ચુકવે થી પ્રથમ પક્ષકાર કંપનીએ તેમનું કારખાનું બંધ કરવા માટે પરવાનગી આપેલ છે અને આથી છટણી વળતર ચુકવવાની શરત એ પુર્વ શરત છે. અને તેથી પ્રથમ પક્ષકાર કંપની છટણી વળતર ચુકવ્યા પહેલા કારખાનુ બંધ કરી નાંખશે. તેવી જે યુનિયનને ભીતી છે તેમાં ખાસ કોઈ તથ્ય નથી આમ ઉપરની હકીકત હોવાથી ઉપરના હુકમના નામદાર હાઈકોર્ટે પણ વળતર ચુકવવાની ઉપરની પુર્વ શરત માન્ય રાખેલ છે.

INDEX

વધુમાં પ્રથમ પક્ષકાર કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી આનંદભાઇ નરશીભાઇએ તેમનું જુબાની આંક ૪૮ (સરતપાસ પેરા-૬) માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, વળતર ચુકવવા માટે કંપનીની એસેટસમાંથી પૈસા ઉભા કરવા માગુ છું. આ પૈસા ઉભા કરતાં આશરે એકાદ બે વરસ લાગે. આમ પ્રથમ પક્ષકાર કંપનીનો ઇરાદો એ સ્પષ્ટપણે થાય છે કે, એક બે વરસ સુધી તેઓ આ વળતર કામદારોને ચુકવવા માંગતા નથી. એકાદ બે વરસ તો ફકત જુબાનીમાં કહયુ છે પરંતુ વળતર ચુકવવા માટે કેટલા વરસ લાગે તે તેઓ હાલના તબકકે કહી શકયે નહી. આ સંજોગોમાં પણ વળતર ચુકવવાની પુર્વશરત લાદવામાં આવે તો તે ગેરકાયદેસર, ગેર-વ્યાજબી કહી શકાય નહી. કારણ કે કામદારો તેમના કાયદેસરના વળતર માટે વરસો સુધી રાહ જોવા અને બેસી રહી શકે નહી.

૩૪. ઉપરના તમામ સંજોગોને કારણે પ્રથમ પક્ષકાર કંપનીના વિધ્વાન વકીલશ્રી શાહની ઉપરની દલીલમાં અગાઉ જણાવ્યા પ્રમાણે કોઇ તથ્ય ન હોવાથી તે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૩૫. ઉપરની ચર્ચાથી એ સ્પષ્ટ થાય છે કે , મજૂર કમીશનરે પ્રથમ પક્ષકાર કંપનીએ વળતર ચૂકવવાની પુર્વ શરત આધીન રહી કારખાનું બંધ કરવા માટે જે પરવાનગી આપી છે તે વ્યાજબી ન્યાયી અને કાયદેસરની છે. હવે કંપનીએ તેમનુ કારખાનુ તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના રોજથી બંધ કરી દીધેલ છે. પરંતુ તેઓએ કામદારોને કલમ ૨૫ઓ (૮) હેઠળનું વળતર હજુ સુધી ચુકવેલ નથી. આ કામમાં બીજા પક્ષકાર યુનિયને આંક ૬ ની અરજી આપી એવી દાદ માગેલ છે કે કંપનીએ વળતર ચુકવેલ ન હોવાથી કંપનીએ તેમના કામ-દારોને હાજરી ભરી કામ આપવાનુ તથા પગાર નિયમીત રીતે ચુકવી આપે તેવો હુકમ કરવા માટે પ્રથમ પક્ષકાર કંપનીને આદેશ કરવા માટે અરજી કરેલી. આ અરજીની સુનાવણી કરી અને આ કામમાં મે તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ના રોજનો હુકમ કરીને બીજા પક્ષકાર યુનિયનનનો આંક ૬ ની અરજી મંજુર કરેલ અને કંપનીને આદેશ આપેલ કે તેઓએ તેમના કામદારોને રેફરન્સનો નિકાલ ન થાય ત્યાં સુધી નિયમીત કામ આપવા તથા કામદાર છે જે તે દિવસે હાજર હોય તેમને હાજરી ભરવી. તથા તેમની હાજરી મુજબ તેમને પગાર આપવો. આ ન્યાયપંચના ઉપરના હુકમના કારણે મજુર કમીશનરશ્રીના હુકમમાં આથી થોડો ફેરફાર કરવો જરૂરી છે અને પ્રથમ પક્ષકાર કંપનીને ચુકાદાનો અમલ થાય તે દિવસથી કારખાનુ બંધ કરવા માટે પરવાનગી આપવી જોઈએ અને તેઓએ કામદારોને કલમ ૨૫ ઓ (૮) હેઠળની વળતર ની રકમ ચૂકવી આપી નથી. તેઓએ તેમના ચુકાદાની નકલ મલ્યે તે તારીખથી એક માસમાં કામદારોને આ વળતરની રકમ ચૂકવી આપવા માટે આદેશ આપવો જોઈએ. આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩૬. આથી મજુર કમીશનરશ્રીના તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજના હુકમમાં આંશત : ફેરફાર કરવામાં આવે છે. આથી પ્રથમ પક્ષકાર કંપનીને તેમનુ કારખાનુ ચુકાદાનો અમલ થાય તે દિવસથી બંધ કરવાની પરવાનગી આપવામાં આવે છે. તેઓએ તેમના કામદાર શ્રીને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ ઓ (૮) હેઠળનું વળતર તેમને આ ચુકાદાની

INDEX

નકલ મલ્યે તારીખથી માસ એકમાં ચુકવી આપવું. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હ. ધી. પંડ્યા,
ઔદ્યોગિક ન્યાયપંચ.

ની. ન. પટેલ,
સેક્રેટરી
અમદાવાદ, ૨૯મી એપ્રિલ ૧૯૯૩.

અમદાવાદ, ૩જી મે ૧૯૯૩.

એન. એ. વ્હોરા,
મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

I-L—Extra—18/4

Extra No. 19 REGISTERED No. G—BA-14-E





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] FRIDAY, MAY 7, 1993 / VAISAKHA 17, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, VI-A, VI-B and VI-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

BY THE DEPUTY COMMISSIONER OF LABOUR AND COMPETENT AUTHORITY UNDER THE MINIMUM WAGES ACT, 1948 AHMEDABAD

Notification

No. KH / SHMC / 29212 / MWA / 6 -93.— In pursuance of clause (*d*) of section *2* of the Minimum Wages Act, 1948, in its application to the State of Gujarat, I, the Deputy Commissioner of Labour, Ahmedabad, the Competent Authority appointed under clause (*c*) of the said section *2*, hereby declare cost of living index number ascertained by me and specified in column 2 of the Schedule annexed hereto applicable to the employees employed in employments mentioned in Part-I of the Schedule to the Act.

INDEX

SCHEDULE

(Average prices for the calendar year 1960=100)

Month	Cost of living Index number
(1)	(2)
February, 1993	1147

Ahmedabad, 20th April 1993.

V. S. TRIVEDI,
Deputy Commissioner of Labour and
Competent Authority Under the
Minimum Wages Act, Ahmedabad.

નાયબ મજૂર કમિશનર અને ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી, અમદાવાદ દ્વારા

જાહેરનામું

નંબર કેએચ-એસએચએમસી—૨૯૨૧૨-એમ ડબલ્યુ બે/૬.—૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ (ઘ) મુજબ એ અધિનિયમ ગુજરાત રાજ્યને લાગુ પાડતા નાયબ મજૂર કમિશનર, અમદાવાદ અને ઉકત કલમ-૨ના ખંડ (ગ) હેઠળ સક્ષમ અધિકારી તરીકે નિમાયેલ હું, આથી અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા રોજગારમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિના ખાના-૨ માં જણાવેલા અને મેં ખાતરી કરેલા ખર્ચના સૂચિ આંકની જાહેરાત કરું છું.

અનુસૂચિ

(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મહિનો	સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
(૧)	(૨)
ફેબ્રુઆરી, ૧૯૯૩	૧૧૪૭

અમદાવાદ, ૨૦મી એપ્રિલ ૧૯૯૩.

વિ. ઓસ. ત્રિવેદી,
નાયબ મજૂર કમિશનર અને
લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે
સક્ષમ અધિકારી, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 20 REGISTERED No. G—BA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, MAY 17, 1993 / VAISAKHA 27, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૧૯૯૩

ક્રમાંક કેએચ આર-૧૦૨/આઇડીએ-૧૦૬૪-૪૦૪૨૯-મ-૪.—ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ હેઠળનો કામદારોનો રોજગાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૨ના ખંડ (એન)ના પેટા ખંડ (૬)થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી સદરહુ રોજગારને આ જાહેરનામાંની તારીખ થી છ મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે "લોકોપયોગી સેવા" તરીકે જાહેર કરે" છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી. વી. સોલંકી,
ઉપ-સચિવ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 23 REGISTERED No. G—BA-1^—E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] TUESDAY, JUNE 1, 1993 / JYAISTHA 11, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે ૧૯૯૩

ક્રમાંક કે/એચ/આર/૧૧૪/આઇડીએ/૧૧૮૬-૨૦૭૨૪-મ૪.—ગુજરાત સરકારને ખાતરી થઇ છે કે પેટ્રોકેમીકલ્સ ઉદ્યોગ હેઠળનો કામદારોનો રોજગાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના ૧૪માં) ના હેતુઆ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરતા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૨૬૪/આઇડીએ-૧૧૮૬-૫૩૦૫-મ(૪)માં નિર્દિષ્ટ કરેલ મુદત લંબાવવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૨ના ખંડ (ધ)ના પેટા ખંડ (૬)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી સદરહું રોજગારને સને ૧૯૯૩ના મે માસની ૨૫મી તારીખ પુરી થયેલી મુદતને વધુ છ મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી. વી. સોલંકી
ઉપ-સચિવ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 25 REGISTERED No. G-BA-14-E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, JUNE 10, 1993 / JYAISTHA 20, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part IV-A, IV-B, and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

BY THE DEPUTY COMMISSIONER OF LABOUR AND COMPETENT AUTHORITY UNDER THE MINIMUM WAGES ACT, 1948 AHMEDABAD

Notification

No. KH / SHMC / 29322 / MWA / 7 / 93.— In pursuance of clause (*d*) of section 2 of the Minimum Wages Act, 1948, in its application to the State of Gujarat, I, the Deputy Commissioner of Labour, Ahmedabad the Competent Authority appointed under clause (*c*) of the said section 2, hereby declare cost of living index number ascertained by me and specified in column 2 of the Schedule annexed hereto applicable to the employees employed in employments mentioned in Part-I of the Schedule to the Act.

INDEX

SCHEDULE

(Average prices for the calendar year 1960=100)

Month	Cost of living Index number
(1)	(2)
March, 1993	1147

Ahmedabad, 7th June 1993.

V. S. TRIVEDI,
Deputy Commissioner of Labour and
Competent Authority Under the
Minimum Wages Act, Ahmedabad.

નાયબ મજૂર કમિશનર અને ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી, અમદાવાદ દ્વારા

જાહેરનામું

નંબર કેએચ-એસએચએમસી—૨૯૩૨૨-એમ ડબલ્યુએ/૭/૯૩.—૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ (ધ) મુજબ એ અધિનિયમ ગુજરાત રાજ્યને લાગુ પાડતા નાયબ મજૂર કમિશનર, અમદાવાદ અને ઉકત કલમ-૨ના ખંડ (ગ) હેઠળ સક્ષમ અધિકારી તરીકે નિમાયેલ હું, આથી અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા રોજગારોમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિના ખાના-૨ માં જણાવાયેલા અને મેં ખાતરી કરેલા ખર્ચના સૂચિ આંકની જાહેરાત કરૂં છું.

અનુસૂચિ

(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મહિનો	સરેરાશ જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
(૧)	(૨)
માર્ચ, ૧૯૯૩	૧૧૪૭

અમદાવાદ, ૭મી જૂન ૧૯૯૩.

વિ. એસ. ત્રિવેદી,
નાયબ મજૂર કમિશનર અને
લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે
સક્ષમ અધિકારી, અમદાવાદ.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 26 REGISTERED No. G-BA-14-E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] WEDNESDAY, JUNE 23, 1993 /ASADHA 2, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part IV-A, IV-B, and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨મી જુન ૧૯૯૩.

ક્રમાંક કે/એચ/આર/૧૨૭/આઇડીએ-૧૬૮૧/૧૭૦૧(૯૦) મ-૪.—ગુજરાત સરકારને ખાતરી થઇ છે કે ગુજરાત રાજ્યમાર્ગ વાહનવ્યવહાર નિગમ હેઠળનાં વર્કશોપ, રેપો અને ગેરેજો સહિતના માર્ગવાહન વ્યવહારની સેવા હેઠળનાં કામદારોનો રોજગાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરતા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર-૨૯-આઇડીએ-૧૬૮૧/૧૭૦૧/(૯૦)-મ-૪માં નિર્દિષ્ટ કરેલી મુદત લંબાવવામાં આવે તે જાહેર હિતમાં જરુરી છે.

INDEX

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૨ના ખંડ (થ)ના પેટા ખંડ (૬) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી સદરહું રોજગારને સને ૧૯૯૩ના નવેમ્બર માસની ૩જી તારીખે પુરી થતી છ મહિનાની મુદત માટે સદરહું અધિનિયમના હેતુઓ માટે લોકપયોગી સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી. વી. સોલંકી,
ઉપ-સચિવ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 27 REGISTERED No. G-BA-14-E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY JUNE 26, 1993 / ASADHA 5, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૧૯૯૩

ક્રમાંક કે/એચ/આર./૧૨૮/આઈડીએ/૧૦૯૧/૫૦૪/મ-(૪).—ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે, પોલીએસ્ટર અને નાયલોન ફીલામેન્ટ યાર્ન ઉદ્યોગ હેઠળનો કામદારોનો રોજગાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ ના ૧૪માં)ના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૨ના ખંડ (થ)ના પેટા-ખંડ (૬) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી સદરહુ રોજગારને આ જાહેરનામાંની તારીખથી છ મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી. વી. સોલંકી,
ઉપસચિવ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 28 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, JULY 5, 1993 / ASADHA 14, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, V-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

BY THE DEPUTY COMMISSIONER OF LABOUR AND COMPETENT AUTHORITY UNDER THE MINIMUM WAGES ACT, 1948, AHMEDABAD

No. KH / SHMC/29325 / MWA / 7.—In pursuance of clause (*d*) of section 2 of the Minimum Wages Act, 1948, in its application to the State of Gujarat, I, the Deputy Commissioner of Labour, Ahmedabad the Competent Authority appointed under clause (*c*) of the said section 2, hereby declare cost of living index number as certained by me and specified in column 2 of the Schedule annexed hereto applicable to the employees employed in employments mentioned in Part-I of the schedule to the Act,

INDEX

SCHEDULE

(Average prices for the calendar year 1960=100)

Month	Cost of living index number
(1)	(2)
April, 1993	1133

Ahmedabad, 30th June 1993.

V. S. TRIVEDI,
Deputy Commissioner of Labour and
Competent Authority under the Minimum
Wages Act, Ahmedabad.

નાયબ મજૂર કમિશનર અને ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી અમદાવાદ દ્વારા

જાહેરનામું

નંબર કેઓય-એસએચએમસી-૨૯૩૨૧ / એમડબ્લ્યુએ-૩.—૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ ૨ના ખંડ (ધ) મુજબ, એ અધિનિયમ ગુજરાત રાજ્યને લાગુ પાડતા નાયબ મજૂર કમિશનર, અમદાવાદ અને ઉક્ત કલમ ૨ના ખંડ (ગ) હેઠળ સક્ષમ અધિકારી તરીકે નિમાયેલ હું, આથી અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા રોજગારોમાં નોકરી કરતા કર્મચારીઓને લાગુ પાડતા આ સાથે જોડેલી અનુસૂચિના ખાના-૨માં જણાવાયેલા અને મેં ખાતરી કરેલા ખર્ચના સૂચિ-આંકની જાહેરાત કરું છું.

અનુસૂચિ

(૧૯૬૦ના આખા અંગ્રેજ વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મહિનો	જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
(૧)	(૨)
એપ્રિલ, ૧૯૯૩	૧૧૩૩

અમદાવાદ, તારીખ ૩૦મી જૂન ૧૯૯૩.

વી. એસ. ત્રિવેદી,
નાયબ મજૂર કમિશનર અને લઘુત્તમ વેતન અધિનિયમ
અન્વયે સક્ષમ અધિકારી, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 29 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] WEDNESDAY, JULY 14, 1993 / ASADHA 23, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 9th July 1993.

MINIMUM WAGES ACT, 1948.

No. KHR-133-MWA-1087-1239-M (2).—In exercise of the powers conferred by section 19 of the Minimum Wages Act, 1948 (XI of 1948), the Government of Gujarat hereby amends the Government Notification No. KHR-147/MWA-1239-M (2), dated the 19th May, 1989 as under namely :

In the said notification the following entry shall be added.

Sr. No.	Designation of persons	Area
1	2	3
46/A	Government Labour Officer, Kalol	District of Mahsana

By order and in the name of the Governor of Gujarat.

A. D. CHAVDA,
Section Officer.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 30 REGISTERED No. G-BA-[illegible]-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] WEDNESDAY, JULY 21, 1993 / ASADHA 30, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

BY THE DEPUTY COMMISSIONER OF LABOUR AND COMPETENT AUTHORITY UNDER THE MINIMUM WAGES ACT, 1948 AHMEDABAD

Notification

No. KH / SHMC / 29390 / MWA / 6 / 93.— In pursuance of clause (*d*) of section 2 of the Minimum Wages Act, 1948, in its application to the State of Gujarat, I, the Deputy Commissioner of Labour, Ahmedabad the Competent Authority appointed under clause (*c*) of the said section 2, hereby declare cost of living index number ascertained by me and specified in column 2 of the Schedule annexed hereto applicable to the employees employed in employments mentioned in Part-I of the Schedule to the Act.

INDEX

SCHEDULE

(Average prices for the calendar year 1960=100)

Month	Cost of living Index number
(1)	(2)
May, 1993	1147

Ahmedabad, 17th July 1993.

V. S. TRIVEDI,
Deputy Commissioner of Labour and
Competent Authority Under the
Minimum Wages Act, Ahmedabad.

નાયબ મજૂર કમિશનર અને ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી, અમદાવાદ દ્વારા

જાહેરનામું

નંબર કેએચ-એસએચએમસી—૨૯૩૯૦-એમ ડબ્લ્યુએ/૬/૯૩.—૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૨ના ખંડ (ઘ) મુજબ એ અધિનિયમ ગુજરાત રાજ્યને લાગુ પાડતા નાયબ મજૂર કમિશનર, અમદાવાદ અને ઉકત કલમ-૨ના ખંડ (ગ) હેઠળ સક્ષમ અધિકારી તરીકે નિમાયેલ હું, આથી અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા રોજગારોમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિના ખાના-૨ માં જણાવાયેલા અને મેં ખાતરી કરેલા ખર્ચના સૂચિ આંકની જાહેરાત કરું છું.

અનુસૂચિ

(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મહિનો	જીવન નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
(૧)	(૨)
મે, ૧૯૯૩	૧૧૪૭

અમદાવાદ, ૧૭મી જુલાઈ ૧૯૯૩.

વિ. એસ. ત્રિવેદી
નાયબ મજૂર કમિશનર અને
લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે
સક્ષમ અધિકારી, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 31 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXIV] THURSDAY, JULY 22, 1993 / ASADHA 31, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

મજૂર કમિશનર અમદાવાદ દ્વારા

જાહેરનામું

ક્રમાંક કેએચએસએચએમસી—જી. ૪/૯૩.—ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪) ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી જુલાઈ ૧૯૮૯ ના જાહેરનામા ક્રમાંક કેએચ.આર-૮૯-૨૨૬-આઈડીએ.-૧૦૮૭-૨૪૬૩૬-મ-૪ અન્વયે મજૂર કમિશનરશ્રી આથી/નાયબ મજૂર કમિશનરશ્રી સુરતના તારીખ ૨૧મી મે ૧૯૯૩ અને તારીખ ૩૧મી મે ૧૯૯૩ ના હુકમ ક્રમાંક નામક-સુ-આઈડીએ-૨૫-એમ-રીવ્યુ-૮૫૨-અને નામક-

INDEX

બાદ શરૂ કરી શકાશે અને આ માટે ૧૮ મહિનાનો સમય અંદાજવામાં આવેલ. ટેકનોલોજીકલ અભ્યાસ કર્યા બાદ સારી ગુણવત્તાનું (કવોલીટીનું) ઉત્પાદન મેળવવા, ઉત્પાદનની પ્રવૃત્તિ સમતોલ બનાવવા અને મશીનોનો વધુ સારો ઉપયોગ લેવા આ નિર્ણય કરવામાં આવેલ. વધુમાં એવા કારણો દર્શાવેલ કે પલ્પ મીલ્સ અને રીકવરી બોયલર કાર્યરત નહીં હોવાથી પેપર બનાવવા માટે આયાત કરવામાં આવેલ ડ્રાફટસ કટીંગ્સ અને જુના કોરોગેટેડ કાર્ટુન ઉંચી કિંમતે ખરીદવા પડતા અને આ ઉદ્યોગ સ્પર્ધાત્મક ઉદ્યોગ હોઈ સાથે બજારની પરિસ્થિતિ વિપરીત હોઈ આ પ્રકારના ક્રાફટ પેપરની માંગ ઓછી હોઈ અને નાના એકમો દ્વારા ઓછી કિમતે માલ પુરો પડતાનો હોઈ આ પ્રકારનો માલ મશીન નં. ૧ ઉપર ચાલુ રાખવો આર્થિક રીતે પોષાય તેમ ન હતું અને આથી પરવડી શકે તે મુજબના બ્લીચ વેરાયટીવાળું ફાયદાકારક ઉત્પાદન કે જેની માંગ વધુ છે તે ઉત્પાદનની ક્ષમતા મેળવવામાં ન આવે ત્યાં સુધી આખા એકમનું અસ્તિત્વ ભયમાં આવી પડેલ છે, પરંતુ ઉપર મુજબનું રીપેર વીગેરે કરવાથી અને નવા પ્લાન્ટ અને ઈકવીપમેન્ટનું રીનોવેશન, રીબિલ્ડીંગ અને ઈન્સ્ટોલેશન કરવાથી ઉત્પાદનની ક્ષમતા સને ૧૯૯૩ ના અંત સુધીમાં મેળવી શકાશે અને મશીન નં. ૨ સને ૧૯૯૪ ના એપ્રિલ થી જુન દરમિયાન કાયમી થઈ શકશે. વધુમાં કારણો અંગે જણાવેલ છે કે પેપરોનું ઉત્પાદન નવેમ્બર, ૧૯૯૨ થી શરૂ કરવામાં આવ્યું પરંતુ વિપરીત બજારની પરિસ્થિતિ અન્વયે સ્ટોકનો ભરાવો થઈ ગયો અને ઓર્ડર પણ નહીં મળવાના કારણે પેપર મશીન નં. ૧ જાન્યુઆરી, ૧૯૯૩ થી બંધ કરવું પડયું. વધુ કારણોમાં જણાવેલ છે કે આ કિસ્સામાં તમામ કામદારોને લે ઓફ આપી શકાયો હોત પરંતુ ઓછામાં ઓછા કામદારોને લે ઓફ માટે સીમીત રાખવાના આશયથી મેન્ટેનન્સ, રીનોવેશન, રિબિલ્ડીંગની કામગીરી પ્લાન્ટના એન્જીનીયરીંગ ખાતા દ્વારા હાથ ધરવામાં આવેલ છે અને તેથી બંને તેટલા કામદારોને વૈકલ્પિક રોજગારી આપવામાં આવેલ છે અને આમ છતાં કુલ ૪૪૯ કામદારો જેઓના નામ અરજીમાં જણાવેલ છે તે નવરા કામ વગરના બેસી રહેતા હોઈ તેઓ માટે લે ઓફ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

૮. યુનિયન / એસોસીએશન તરફથી લે ઓફની અરજી સામે સખ્ત વાંધો લેવામાં આવેલ. કાયદાની જોગવાઈઓ મુજબ પરવાનગી માંગી નહીં હોવાનું ઉપરાંત શુધ્ધ બુધ્ધિ પૂર્વકની અરજી નહીં હોવાનું, લે ઓફના કારણો સાચા નહીં હોવાનું દર્શાવી અરજી રદ કરવા વિનંતી કરેલ.

૯. સ્પેશીફાઈડ ઓથોરીટીએ સદરહુ અધિનિયમની કલમ ૨૫ (એમ) (૪) માં દર્શાવેલ જોગવાઈ-ઓ અન્વયે કાર્યવાહી પુરી કરી તેમના તારીખ ૨૧મી મે ૧૯૯૩ ના હુકમથી તારીખ ૩૧મી મે ૧૯૯૩ થી તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી કુલ ૪૪૯ કામદારોને લે ઓફ આપવાના પરવાનગી આપેલ અને તારીખ ૨૪મી મે ૧૯૯૩ ના આંક-૧ ના પત્રથી સદરહુ અધિનિયમની કલમ ૨૫ (એમ) (૭) અન્વયે આ ન્યાયપંચને વિવાદ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલ. બાદમાં તારીખ ૨૬મી મે ૧૯૯૩ ના ફેરફાર હુકમથી સદરહુ ૪૪૯ કામદારોને તારીખ ૫મી જુન ૧૯૯૩ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી લે ઓફ આપવાની પરવાનગી આપેલી. આમ આ રીતે રેફરન્સ (આઈ. ટી.) નં. ૬/૯૩ કરવામાં આવેલ. માંગેલ લે ઓફની પરવાનગી ઓછા સમય માટે આપેલ હોવાના કારણે સદરહુ મીલ્સની અરજી અન્વયે સ્પેશીફાઈડ ઓથોરીટીએ રેફરન્સ (આ. ઈ. ટી.) નં. ૭/૯૩ મુજબનો વિવાદ ન્યાય નિર્ણય માટે અત્રે સુપ્રત કરેલ.

૧૦. બંને રેફરન્સના કામે પક્ષકારોના સ્ટેટમેન્ટસ ઓફ ઓબ્જેકશન રજુ થયેલ છે અને ઉપર દર્શાવ્યા પ્રમાણેનો પોત પોતાના કેસ તેમાં રજ કરેલ છે.

INDEX

૧૧. રેફરન્સ (આઈ. ટી.) નં. ૬/૯૩ ના કામે વચગાળાના મનાઈ હુકમની અરજીની સુનાવણી દરમિયાન યુનિયન / એસોસીએશન તરફથી સ્પેશીફાઈડ એથોરીટીને લે ઓફની પરવાનગી આપવા માટે કાયદાનો બાધ નડતો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરેલ અને સદરહુ મુદ્દો હાલની સુનાવણી દરમિયાન પણ ઉપસ્થિત કરવામાં આવેલ.

૧૨. કેસના કાગળો જોયા, બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો ધ્યાનમાં લીધી.

૧૩. ઉપરના સંજોગોમાં નીચેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧) શું સદરહુ મીલ્સ તરફથી અરજીમાં તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૯૩ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ સુધીની કરવામાં આવેલ લે ઓફ આપવાની પરવાનગીની માંગણી શુધ્ધ-બુધ્ધિપૂર્વક અને વાજબી છે કે કેમ ?

(૨) શું સ્પેશીફાઈડ ઓથોરીટીએ સદરહુ માંગવામાં આવેલ લે ઓફની પરવાનગી માંગવામાં આવેલ સમયથી ઓછા સમય માટે આપવાનો કરેલો નિર્ણય યોગ્ય છે ?

(૩) શું સદરહું મીલ્સને સદરહું લે ઓફની માંગણી કરવા સામે કાયદાનો બાધ નડે છે કે કેમ?

(૪) રેફરન્સ (આઈ. ટી.) નં. ૬/૯૩ માં આખરી હુકમ શું ?

(૫) રેફરન્સ (આઈ. ટી.) નં. ૭/૯૩ માં આખરી હુકમ શું ?

૧૪. નીચેના કારણોસર ઉપરના પ્રશ્નોના મારા જવાબો નીચે મુજબ છે :—

જવાબ :

(૧) મશીનોની મરામત, સ્થળાંતર વગેરે કારણો માટે હકારમાં, પરંતુ સ્ટોકના ભરાવાના કારણો માટે નકારમાં.

(૨) નકારમાં.

(૩) હકારમાં.

(૪) સદરહુ મીલ્સની લે ઓફની પરવાનગી માંગતી અરજીને કાનુની બાધ નડે છે.

(૫) મુદ્દા નં. ૨ નો નિર્ણય હકારમાં આવ્યો હોવા છતાં મુદ્દા નં. ૪ ના નિર્ણય અન્વયે આ રેફરન્સ ગ્રાહય રહેતો નથી.

પ્રશ્ન-૧ ના કારણો :

(અ) સદરહુ મીલ્સ તરફથી મીલ્સના સેલ્સ ઓફિસરશ્રી વિનય નારાયણ ત્રિવેદીનું સોગંદનામું અને બજારની પરિસ્થિતિની નોંધ રજુ કરવામાં આવેલ છે. ઉપરાંત સિનિયર નાયબ જનરલ મેનેજર શ્રી એ. કે. શ્રીવાસ્તવનું સોગંદનામું અને મશીનોની હાલની સ્થિતિ, રીપેર કરવાની

INDEX

જરૂરિયાત વગેરે અંગેની વિગતો રજુ કરવામાં આવેલ છે. આ તમામ રેકર્ડ ઉપરની વિગતો ધ્યાનમાં લઈ સ્પેશીફાઈડ ઓથોરીટી એવા નિર્ણય ઉપર આવેલ છે કે જે મશીન જે કામ માટે ઈન્સ્ટોલ કરવામાં આવેલ હોય તે તેની ઈન્સ્ટોલ કેપેસીટીએ ના ચાલે તો પણ તેની નજીકની કેપેસીટીએ કામ કરતું હોવું જોઈએ જે તે જરૂરી છે, નહીં તો મશીનરીમાં ખામી કહેવાય અને પક્ષકારોએ સ્વીકાર્યા મુજબ તારીખ ૯મી જુલાઈ ૧૯૯૨ પહેલા મશીન નં. ૧ તૂટક તૂટક રીતે ચાલુ હતું અને આથી મશીનરીનું બ્રેક ડાઉન એટલે કે કોઈપણ કારણસર મશીનનું બરાબર ચાલવું નહીં તેવો બહોળો (વાઈડ) અર્થ થાય અને મશીન તૂટક તૂટક ચાલવાથી ઈકવીપમેન્ટ ઉપર અસર થાય છે અને મોટી મરામત અને રીનોવેશન આવશ્યક બને છે. સ્પેશીફાઈડ ઓથોરીટી વધુમાં એવા નિર્ણય ઉપર આવેલ છે કે તમામ પ્રોસેસ ચાલુ થાય નહીં ત્યાં સુધી ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવી શકય નથી અને તે જ પ્રમાણે મશીન નં. ૨ સહિત પ્રોસેસ ઈકવીપમેન્ટનું રિનોવેશન અને રિબિલ્ડીંગ જરૂરી છે. ઉપરાંત તમામ ગીયર્સને નુકસાન પહોંચ્યું હોઈ, તમામ જનરલ ઘસાઈ ગયા હોઈ તેઓની મરામત કરવી જરૂરી છે અને ફેલ્ટ રોલ વખતો વખત તૂટી જવાની વિગત એકસરખી એકત્રીત રીતે જોવામાં આવે તો તેનો બ્રેક ડાઉન ઓફ મશીનરીમાં સમાવેશ થાય છે. સ્પેશીફાઈડ ઓથોરીટી વધુમાં એવા નિર્ણય ઉપર આવેલ છે કે મશીનની ડીઝાઈન કરેલ સ્પીડ મીનીટની ૩૮૦ મીટર ગતીની હતી તેના બદલે ઘટી મીનીટના ૨૦૦ મીટરની પણ ન હતી. વધુમાં આ મશીનને ખસેડવામાં નહીં આવે અને યોગ્ય બ્રોક રીમુવલ સીસ્ટમ સાથે પ્રથમ મજલે સ્થાપવામાં નહીં આવે ત્યાં સુધી મહત્તમ ઉત્પાદન મેળવી શકાય નહીં. અને ડીઝાઈન કરેલ સ્પીડ ઉપર ચલાવી શકાય નહીં અને આથી સ્થળાંતર અને રીપેર અત્યંત જરૂરી છે અને તેમ કરવાથી ફાયદા-કારક રહેશે.

(બ) આમ સ્પેશીફાઈડ ઓથોરીટી રજુ થયેલ એકસપર્ટ ઓપીનીયનની વિગત ચકાસી પોતાના સદરહુ નિર્ણય ઉપર આવેલ છે અને આ નિર્ણયની ફેરવિચારણા કરવાનો કે તેમાં કોઈ પ્રકારની ફેરબદલી કરવાનું કોઈ કારણ માલુમ પડતું નથી. સ્પેશીફાઈડ ઓથોરીટીએ દર્શાવેલ વિગતો અને કારણો સાથે સંપૂર્ણ સહમત થવાનું રહે છે.

(ક) કામમાં રજુ થયેલ નોંધોમાં સ્ટોક વગેરેની દર્શાવેલ વિગતો ધ્યાનમાં લઈ સ્પેશીફાઈડ ઓથોરીટી એવા નિર્ણય ઉપર આવેલ છે કે ડિસેમ્બરથી જાન્યુઆરી ૧૯૯૩ સુધીના સમય ગાળામાં આશરે ૩૫૦ ટન એકટ્રેનસીબલ શાફટ કબનું ઉત્પાદન કરવામાં આવેલ છે જે પૈકી આશરે ૧૪૦ ટન જેટલો માલ વેચાયા વગરનો સ્ટોકમાં પડેલ છે પરંતુ એમના મંતવ્ય પ્રમાણે મીલ્સની ઉત્પાદન શકિત ધ્યાનમાં લેતાં સદરહું ભરાવો વધુ પડતો કહી શકાય નહીં અને આ કારણે સ્પેશીફાઈડ ઓથોરીટીએ માલના ભરાવાનું કારણ યોગ્ય માનેલ નથી. જે સહમત થવા પાત્ર છે.

(ડ) યુનિયન / એસોસીએશન તરફે ઉપ પ્રમુખ શ્રી વી. બી. માસ્તરે કામમાં રજુ થયેલ સદરહુ મીલ્સના વાર્ષિક અહેવાલમાં મીલ્સની મશીનરીની કામગીરી અંગે દર્શાવેલ કેટલાક વિધાનો ઉપર માર ધ્યાન ખેંચ્યું છે પરંતુ જે એકસપર્ટ રિપોર્ટ રજુ થયેલ છે તે જે તે વખતની મશીનરીની હાલત અંગેનો રિપોર્ટ છે અને તે રિપોર્ટ કરનાર અધિકારીના સોગંદનામાથી તેને સંપૂર્ણ ટેકો મળેલ છે આથી એકસપર્ટ રિપોર્ટમાં દર્શાવેલ વિગતો સાચી નહીં હોવાનું માનવાનું મુશ્કેલ છે.

ઉપરના સંજોગોમાં પ્રશ્ન નં. ૧ નો જવાબ મશીનની મરામત માટે "હા" માં આવે છે જ્યારે સ્ટોકના ભરવા માટે "ના" માં આવે છે.

INDEX

પ્રશ્ન-૨ ના કારણો :

(અ) એકસપર્ટ અભિપ્રાય પ્રમાણે લગભગ ૧૮ મહિનાના સમય ગાળાની જરૂરિયાત છે જ્યારે સદરહુ મીલ્સે ફકત લગભગ ૮૫ (સાડા આઠ) મહિનાની પરવાનગી માંગી છે અને એના વિગત વાર કારણો અરજીમાં જણાવ્યા છે કે આ સમયગાળામાં તે કેટલીક મરામત કરીને કેટલીક મશીનરી ઈન્સ્ટોલ કરીને ઉત્પાદન શરૂ કરવાની પરિસ્થિતિમાં પહોંચી જશે અને બાદ અન્ય મશીનરીઓ રીપેર કરવાનું, ગોઠવવાનું વગેરે કામ કરી શકશે પરંતુ આ લગભગ સાડા આઠ માસના ગાળા દરમિયાન મીલ્સ એવી પરિસ્થિતિ ઉપસ્થિત કરશે કે જેથી તમામ કામદારોને કામ આપી શકાય. આમ સદરહું મીલ્સે એકસપર્ટ અભિપ્રાય આધારે ૧૮ મહિનાના સમયગાળાને ટુંકો કરી લગભગ સાડા આઠ મહિનાના સમયગાળા માટે લે ઓફની પરવાનગી માંગતી અરજી કરેલ, જે સમયગાળાની માંગણી પરિસ્થિતિ ધ્યાનમાં લેતા યોગ્ય અને વાજબી હતી, પરંતુ સ્પેશીફાઈડ ઓથોરીટીએ તેમના હુકમમાં માંગેલ સમયથી ઓછા સમયનો લે ઓફ આપવા માટે પરવાનગી આપવા માટે કોઈ કારણો દર્શાવેલ નથી. સ્પેશીફાઈડ ઓથોરીટીએ ફકત એટલું જ જણાવેલ છે કે જાહેરહિતમાં સંસ્થાના ૪૪૯ કામદારોને લે ઓફની પરવાનગી માંગતી અરજી ઉપર વિચારણા કરતાં તેઓ એવા નિર્ણય ઉપર આવેલ છે કે તારીખ ૩૧મી મે ૧૯૯૩ થી તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી લે ઓફ આપવો વાજબી જણાય છે. કયા કારણે સમયગાળો ઓછો કરેલ છે તે દર્શાવવામાં આવેલ નથી. હકિકતમાં સદરહું મીલ્સે પરિસ્થિતિની વિચારણા કરી આઘર મહિનાના બદલે લગભગ સાડા આઠ મહિના માટે લે ઓફની પરવાનગી માંગેલી જે સમયગાળો ટુંકાવીને સ્પેશી-ફાઈડ આથોરીટીએ તારીખ ૩૧મી જુન ૧૯૯૩ થી ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ ના સમયગાળા માટે લે ઓફ આપવાની પરવાનગી આપેલ છે જે ગાળો ઘણો ઓછો અને અર્થહિન છે.

ઉપરના કારણોસર સ્પેશીફાઈડ ઓથોરીટીએ સદરહું મીલ્સે માંગેલ લે ઓફની મુદત ઓછી કરવાનો જે નિર્ણય કરેલ છે તે યોગ્ય નથી અને આથી પ્રશ્ન નં. ૨ નો જવાબ નકારમાં આવે છે.

પ્રશ્ન-૩ ના કારણો :

(અ) તકરાર વગરની હકિકત એવી છે કે સદરહું મીલ્સના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર નથી. ઉપરાંત લે ઓફની જોગવાઈઓ અંગે પક્ષકારો વચ્ચે કોઈ કરાર નથી કે કામદારોને આપવામાં આવેલ નિમણુંકના હુકમમાં તેની જોગવાઈ નથી અને આથી આ કામમાં મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર લાગુ પડે છે. નોંધવા યોગ્ય બિના એવી છે કે આ કામે વચગાળાની મનાઈ હકમની અરજીની સુનાવણી દરમિયાન યુનિયન / એસોસીએશન તરફથી એવી પણ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ કે આ કામે મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર પણ લાગુ પડતાં નથી, પરંતુ હાલની સુનાવણી દરમિયાન તે તકરાર પડતી મૂકી મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર લાગુ પડે છે તેવા મતલબની દલીલો કરવામાં આવેલ છે.

(બ) ફાયર સ્ટોન ટાયર અને રબર કું. ઓફ ઈન્ડિયા લીમીટેડના કામદારોનો કેસ જે ૧૯૭૬ ૧ એલ. એલ. જે. પાન નં. ૪૯૩ માં રિપોર્ટ થયેલ છે તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે ઔદ્યોગિક એકમોના માલિકોને કામદારોને લે ઓફ આપવાનો હક્ક સદરહુ અધિ-નિયમની કલમ ૨૫ (સી) અન્વયે મળતો નથી અને ફકત સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ અનુરૂપ લે ઓફની પરવાનગી આપી શકાય. સ્ટેન્ડીંગ ઓર્ડરમાં લે ઓફ આપવાની જોગવાઈ હોઈ ચોક્કસ

INDEX

કારણો સ્ટેન્ડીંગ ઓર્ડરમાં જણાવ્યા મુજબના નહીં હોઈ તો તેવા સંજોગોમાં સદરહું અધિનિયમની કલમ ૨ (કેકેકે) માં જણાવેલ કારણો અન્વયે લે ઓફ આપી શકાય. આમ લે ઓફ આપવાની જોગવાઈ સ્ટેન્ડીંગ ઓર્ડરમાં હોવાનું જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે વર્કસ ઓફ દિવાન ટી એસ્ટેટ-વિરૂદ્ધ-મેનેજમેન્ટના કેસમાં જે ૧૯૪૬ ૧ એલ. એલ. જે. પાન નં. ૩૯૮ ઉપર રિપોર્ટ થયેલ છે તેમાં આ મતલબનું ઠરાવેલ છે.

(ક) મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડરના નં. ૧૮ (૧) અન્વયે આગનો બનાવ, વાવાઝોડાના કુદરતી આફતના બનાવો, મશીનરીમાં તૂટફૂટ થવાના બનાવો, વીજળી પાવર આવતો બંધ થવાના બનાવો વગેરે કારણો અન્વયે કે જે મેનેજરના નિયંત્રણ બહારના છે તેવા કેસોમાં મેનેજર/મેનેજમેન્ટને નોટીસ આપ્યા વગર મશીન કે વિભાગ/ખાનું આખું અથવા આખાથી ઓછું બંધ કરી દેવાની સત્તા છે. હાલના કામમાં સદરહું મીલ્સનો એવો કેસ નથી જે ઓર્ડર નં. ૧૯ (૧) માં પડી શકે. ઓર્ડર ૧૯ માં ઓર્ડર નં. ૧૮ હેઠળ લે ઓફમાં મુકવામાં આવેલ કામદારોને હંગામી બેકાર ગણવા અંગેની જોગવાઈ છે.

(ડ) ઓર્ડર નં. ૨૦ માં તેમાં દર્શાવેલ કારણો અનુસાર એક મહિનામાં બધું મળીને કાયદાકીય રજાઓ બાદ કરતાં ૬ દિવસથી વધુ સમય માટે લે ઓફ આપી શકાય તેવી જોગવાઈ છે. સદરહું મીલ્સે આ જોગવાઈ મુજબ લે ઓફની માંગણી કરેલ નથી.

(ચ) આમ લાગુ પડતાં મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડરના ઓર્ડર નં. ૧૮, ૧૯ અને ૨૦ ની જોગવાઈઓ મુજબ સદરહું મીલ્સે માંગેલ લે ઓફની પરવાનગી આપવાનો બાધ નડે છે.

(છ) સદરહુ મીલ્સ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી કે. સી. રાવલે વડોદરાના ઔદ્યોગિક ન્યાયધંચના રેફરન્સ નં. (આઇ.ટી.) ૧૨૬/૯૨ના કામમાં આવેલ તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૨ના ચૂકાદાના ફકરા નં. ૧૭ પાન નં. ૧૦ પર આધાર રાખેલ છે જેમાં એવું અવલોકન (ઓબ્ઝરવેશન) કરવામાં આલ છે કે કાયદાનું અર્થઘટન કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર સ્પેશીફાઈડ ઓથોરીટીને બંધનકર્તા રહેતાં નથી. તે કામમાં ૧૯૫૮ (૩) એલ.એલ.જે. પાન નં. ૬૧૩ ૧૯૫૯ સર્વોચ્ચ અદાલત પાન નં. ૧૨૭૯ રીફર કરવામાં આવેલ છે. સદરહુ મીલ્સ તરફથી આ બંને ઓથોરીટીઓની ઝેરોશ નકલ પણ રજુ કરવામાં આવેલ છે. સદરહું વડોદરાના ઔદ્યોગિક ન્યાયધંચના ચુકાદા વિરૂદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલ સ્પે. સીવીલ એપ્લીકેશન કામમાં આવેલ નિર્ણય ઉપર પણ સદરહુ મીલ્સ તરફથી આધાર રાખવામાં આવેલ છે, પરંતુ તે તમામ વિગતવાર વાંચી જતાં એવું માલુમ પડે છે કે તે કામની વિગતો હાલના રેફરન્સની વિગતોથી તદ્ન ભિન્ન છે અને તેથી સદરહુ ઓથોરીટીઓ હરકોઈ રીતે સદરહુ મીલ્સને મદદરૂપ રહેતી નથી.

(જ) સદરહું મીલ્સ તરફે વિદ્વાન વકીલ શ્રી કે. સી. રાવલે સદરહુ અધિનિયમની કલમ ૨૫ (જે) ઉપર પણ આધાર રાખેલ છે, પરંતુ તેની જોગવાઈઓ પણ હાલના કામમાં સદરહુ મીલ્સને મદદરૂપ રહેતી નથી આથી ખૂબ માન સહીત તેમની દલીલો સ્વીકારી શકાય તેમ નથી.

(ઝ) સદરહું મીલ્સ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી કે. સી. રાવલે ૧૯૮૪ એલ.આઈ.સી. પાન નં. ૩૨૪ (નામદાર મુંબઈની વડી અદાલતની) ની ઓથોરીટી ઉપર પણ આધાર રાખેલ છે, પરંતુ સદરહુ ઓથોરીટીની વિગતો પણ હાલના રેફરન્સની વિગતોથી ભિન્ન હોઈ આ ઓથોરીટી પણ હરકોઈ રીતે મદદરૂપ નથી.

INDEX

ઉપરના સંજોગોમાં સદરહુ મીલ્સની લે ઓફની માંગણીને મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ-ઓનો બાધ નડે છે અને આથી પ્રશ્ન નં. ૩નો જવાબ હકારમાં આવે છે.

પ્રશ્ન ૪ના કારણો :

ઉપર દર્શાવ્યું તેમ લે ઓફની અંગેની સદરહું મીલ્સની માંગણી શુધ્ધબુદ્ધી પૂર્વકની અને વ્યાજબી હોવા છતાં સદરહુ કાયદાનો બાધ નડતો હોઈ સ્પેશીફાઈડ ઓથોરીટીએ પહેલાં તારીખ ૩૧મી મે, ૧૯૯૩થી તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધી અને ત્યારબાદ તેમાં સુધારો કરી તારીખ ૫મી જુન, ૧૯૯૩થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધીના સમય માટે લે ઓફ આપવાની પરવાનગી આપતો કરેલ હુકમ ફેરવિચારણા કરીને માંગણી નકારતો હુકમ કરવાનો રહે અને આથી લે ઓફની કરવામાં આવેલ અરજી રદ કરવાની રહે છે. પ્રશ્ન નં. ૪નો જવાબ આ મુજબ આવે છે.

પ્રશ્ન ૫ના કારણો : ઉપર દર્શાવ્યું તેમ સદરહુ મીલ્સની તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૩ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધી લે ઓફ આપવાની પરવાનગી માંગતી માંગણી શુધ્ધ બુધ્ધિપુર્વકની અને વ્યાજબી હોવાનું માલુમ પડયુ હોવા છતાં અને ઉપર દર્શાવ્યું તેમ સ્પેશીફાઈડ ઓથોરીટીએ સદરહુ સમયગાળો ટૂંકો કરવાનો નિર્ણય કરેલ તે વ્યાજબી નહીં હોવાનું હોવા છતાં ઉપર જણાવ્યા મુજબ મીલ્સની માંગણી મુજબ લે ઓફની પરવાનગી આપવામાં કાયદાનો બાધ નડતો હોઈ સ્પેશીફાઈડ ઓથોરીટીએ મંજુર કરેલ લે ઓફના સમયગાળામાં વધારો કરવાનો પ્રશ્ન અસ્થાને છે અને આથી તે સમયગાળામાં વધારો કરવા માટે કરવામાં આવેલ રેફરન્સ ગ્રાહ્ય રહેતો નથી. પ્રશ્ન ૫નો જવાબ આ મુજબ આવે છે.

૧૪. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે :

(૧) રેફરન્સ (આઇ.ટી) નં. ૬/૯૩ના કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે :—

હુકમ

સ્પેશીફાઈડ ઓથોરીટી અને નાયબ મજુર કમિશનરશ્રી, સુરતે તારીખ, ૨૧મી મે, ૧૯૯૩ના હુકમથી સેન્ટ્રલ પલ્પ મીલ્સ લીમીટેડ, ફોર્ટ, સોનગઢ જિલ્લા સુરતનાને કુલ ૪૪૯ કામદારોને તારીખ ૩૧મી મે, ૧૯૯૩ થી તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના સમયગાળા દરમિયાન લે ઓફ આપવાની પરવાનગી આપતો હુકમ તથા ત્યારબાદ તેમા તારીખ ૨૬મી મે, ૧૯૯૩ના રોજ સુધારો કરી તારીખ ૫મી જૂન, ૧૯૯૩થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના સમયગાળા દરમિયાન લે ઓફ આપવાની પરવાનગી આપતો જે હુકમ, એમ બંને હુકમ આથી ફેરવિચારણા કરી રદ કરવામાં આવે છે. લે ઓફની પરવાનગી માંગતી મીલ્સની સદરહું અરજી આથી રદ કરવામાં આવે છે.

INDEX

(૨) રેફરન્સ (આઈ.ટી.) નં. ૭/૯૩ના કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ઉપર મુજબ રેફરન્સ (આઈ.ટી.) નં. ૬/૯૩માં લે ઓફની પરવાનગી માંગતી મીલ્સની અરજી રદ કરવામાં આવતી હોઈ લે ઓફની પરવાનગીના સમયગાળામાં વધારો કરવાનો પ્રશ્ન રહેતો નથી, અને આમ આપવામાં આવેલી પરવાનગીના સમયગાળામાં કોઈ વધારો કરવામાં આવતો નથી.

બંને રેફરન્સના સર્વે પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

સુરત, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૩.

ઈ. બી. ડુમસીયા,
ઔદ્યોગિક ન્યાયપંચ,
સુરત.

અમદાવાદ, તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૩.

ઓન. એ. વહોરા,
મજૂર કમિશનર, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 32 REGISTERED No. G—BA-14—E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, AUGUST 28, 1993 / BHADRA 6, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગસ્ટ ૧૯૯૩

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૬૩/આઈડીએ-૧૦૯૦-૪૦૫૭-મ-૪.—ગુજરાત સરકારને આતરી થઈ છે કે, કોઈપણ મદયમ કે નાના બંદરોમાં કે ગોદીમાં અથવા તેના કામકાજના સબંધમાં કોઈ સેવા હેઠળનો કામદારોનો રોજગાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના

INDEX

૧૪માં) ના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરતાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ફેબ્રુઆરી ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૩૯/આઇડીએ-૧૦૯૦-૪૦૫૭-મ માં નિર્દિષ્ટ કરેલી મુદત લંબાવવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

તેથી હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૨ના ખંડ (થ) ના પેટા-ખંડ (૬) થી મળેલ સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી સદરહુ રોજગારને, સને ૧૯૯૩ના નવેમ્બર માસની ૧૦મી તારીખે પુરી થતી ૬ મહિનાની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે લોકોપયોગી સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. પરમાર,
સેક્સન અધિકારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 33 REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY AUGUST 28, 1993 / BHADRA/6, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

BY THE DEPUTY COMMISSIONER OF LABOUR AND COMPETENT AUTHORITY, UNDER THE MINIMUM WAGES ACT, 1948, AHMEDABAD.

No. KH-SHMC-29398/MWA-6.—In pursuance of clause (*d*) of section 2 of the Minimum Wages Act, 1948, in its application to the State of Gujarat, I, the Deputy Commissioner of Labour, Ahmedabad the Competent Authority appointed under clause (*c*) of the said section 2, hereby declare cost of living index number ascertained by me and specified in column 2 of the Schedule annexed hereto applicable to the employees employed in employments mentioned in Part-I of the Schedule to the Act.

INDEX

SCHEDULE

(Average prices for the calendar year 1960=100)

Month	Cost of living Index number
(1)	(2)
June, 1993	1166

Ahmedabad, 24th August 1993.

V. S. TRIVEDI,
Deputy Commissioner of Labour
and Competent Authority under
the Minimum Wages Act,
Ahmedabad.

નાયબ મજૂર કમિશનર સને ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી અમદાવાદ દ્વારા જાહેરનામું

નંબર કેએચ-એસએચએમસી-૨૯૩૯૮.-એમડબલ્યુએ-૬.--૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમની કલમ ૨ના ખંડ (ઘ) મુજબ એ અધિનિયમ ગુજરાત રાજ્યને લાગુ પાડતા નાયબ મજૂર કમિશનર, અમદાવાદ અને ઉકત કલમ ૨ના ખંડ (ગ) હેઠળ સક્ષમ અધિકારી તરીકે નિમાયેલ હું, આથી અધિનિયમની અનુસૂચિના ભાગ-૧માં જણાવેલા રોજગારોમાં નોકરી કરતાં કર્મચારીઓને લાગુ પડતા આ સાથે જોડેલી અનુસૂચિના ખાના-૨માં જણાવેલા અને મેં ખાતરી કરેલા ખર્ચના સૂચિ-આંકની જાહેરાત કરું છું.

અનુસૂચિ

(૧૯૬૦ના આખા અંગ્રેજી વર્ષ માટેના સરેરાશ ભાવ=૧૦૦)

મહિનો	જીવન-નિર્વાહ ખર્ચના સૂચિ-આંક
(૧)	(૨)
જૂન, ૧૯૯૩	૧૧૬૬

અમદાવાદ, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૩.

વી. એસ. ત્રિવેદી,
નાયબ મજૂર કમિશનર અને લઘુત્તમ વેતન
અધિનિયમ અન્વયે સક્ષમ અધિકારી,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 34 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, AUGUST 28, 1993 / BHADRA 6, 1915

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

